RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 8 * Issue No. 216* Date: 03.06.2022 Friday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### નરેન્દ્ર મોદીના ચાલી રહેલા ભગીરથ કાર્યોમાં રામસેતુની ખિસકોલી બનીને સહયોગ આપવાનો પ્રયાસ કરીશ

# હાર્દિક પટેલ વિજય મુહૂર્તમાં કેસરી ખેસ અને ટોપી પહેરી ભાજપમાં જોડાયા



ગાંધીનગર,તા.૨

પાટીદાર અનામત આંદોલનથી પાટીદારનો ચહેરો બનેલા હાર્દિક પટેલ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખપદેથી રાજીનામું આપીને હવે ૧૨.૩૯ના વિજય મુહૂર્ત ભાજપનો કેસરિયો ખેસ પહેરી લીધો છે. તેમણે સવારે એસપીજી ગુરુકુળ ખાતે રામ, શ્યામ અને ઘનશ્યામનાં દર્શન કરીને સાધુ-સંતોની હાજરીમાં ગાયની પૂજા કરી હતી અને કોબાથી કમલમ સુધી શો કર્યો હતો અને ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યા હતાં અહીં તેઓ વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતાં.ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે તેમને કેસરી ખેસ પહેરાવ્યો હતો અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલે હાર્દિક પટેલને કેસરી ખેસ પહેરાવ્યો હતો.

ભાજપમાં જોડાયા બાદ હાર્દિક પટેલે કહ્યું હતું કે છેલ્લા કેટલાયે સમયથી ગુજરાતની અંદર સામાજિક હિતના અનેક પ્રયાસો કર્યા બાદ દરેક સામાજિક અને રાજકીય જીવનમાં જીવનમાં ઘણા ચડાવ ઉત્તર જોયા. ૨૦૧૫માં એક પાટીદાર અનામત આંદોલનની શરૂઆત થઈ હતી. ત્યારબાદ અમને ૧૦ ટકા ઈબીસી આપવામાં આવ્યું હતું. હું જન હિતના કામ માટે કોંગ્રેસમાં જોડાયો હતો, પણ કોંગ્રેસના નેતા જનહિત માટે ઉભા ન રહેતા જોવા મળ્યા માટે રાજીનામું આપ્યું હતું. દરેકની માણસની આંકાંક્ષા હોય કે તે દેશના હિત માટે કામ કરે. પરંતુ મેં કોંગ્રેસથી દુ:ખી થઈને રાજીનામું આપ્યું છે.

હાર્દિકે જણાવ્યું કે, ભાજપમાં સામાન્ય કાર્યકર બનીને કામ કરીશ. હું કોંગ્રેસમાં હતો ત્યારે પણ રામ મંદિર બનાવવાની વાત હોય કે પછી ૩૭૦ જેવા અનેક કાર્યોની પ્રશંસા કરતો હતો. હું રામસેતુના ભગીરથ કાર્યમાં ખિસકોલી બનીને કામ કરીશ. હું ભાજપમાં જોડાઈ કાર્યકરો સાથે ખભેથી ખભો મેળવી કામ કરીશ. હાર્દિકે જણાવ્યું કે, જ્યારે મેં કોંગ્રેસમાંથી રાજીનામું લખ્યું ત્યારે લોકો કહેતા હતાં કે કમલમથી લખાયું છે. હાર્દિક પટેલે પ્રેસ કોન્ફરન્સમાં રાજ્યના પૂર્વ સીએમ આનંદી બેનને યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જ્યારે આનંદીબેન પટેલ ભાજપમાં માંડલથી ચૂંટણી લડતા હતા ત્યારે મારા પરમ પૂજ્ય પિતા તેમની સાથે હતા. આનંદીબેન પટેલ મારા પિતાને રાખડી મોકલતા હતા. આનંદીબેન પટેલ મારા ફઈ બા છે. મારા પિતાજી ભાજપ માટે કામ કરતા હતા. હું અહીં રાજા નહીં સૈનિકની ભૂમિકામાં છું. મેં ઘરવાપસી નથી કરી, પરંતુ મને લોકોએ કહ્યું હતું કે તમે ઘરમાં જ આવ્યા છો. હાર્દિકે જણાવ્યું કે, અમારું આંદોલન સરકાર સામે હતું અને સરકારે જ પૂર્ણ કર્યું. ભાજપમાં મને સારી રીતે કામ કરવાની તક મળશે. હું ઘરમાં પાછો ફરી રહ્યો છું. કોંગ્રેસે રામ મંદિર આધારા શિલા પર અભદ્ર ટિપ્પણી કરી હતી. કોંગ્રેસમાં હતો, ત્યારે પણ પીએમના નિર્ણયોની પ્રશંસા કરતો હતો. કરોડો લોકો ભાજપ સાથે જોડાઈને દેશ સેવા કરવા માંગે છે. કોંગ્રેસના લોકોએ મારા પર અનેક આક્ષેપ કર્યા.

હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, મેં ભાજપને ગાળો આપી એ વાત સાચી છે, પરંતુ હવે ઘરનો દીકરો માં બાપ પાસે માંગણી કરે છે. પપ્પા સામે ચોકલેટ લેવા ઝગડો જ છો ને. એ રીતે પણ અમે આંદોલન સમયે ઝઘડ્યા હતા. હાર્દિક પટેલે જણાવ્યું કે, ભાજપમાં જોડાઈને આંદોલનનમાં શહીદ થયેલા પરિવારોને નોકરી અપાવીશું. પાટીદાર સાથીદારોને વધુ સહાય અપાવવાનો પ્રયાસ કરીશું

હાર્દિક પટેલે પત્રકાર મિત્રોના સવાલોના જવાબ આપ્યા હતા. આ દરમિયાન સવાલોના જવાબ આપતાં આપતાં હાર્દિકને પરસેવો છૂટી ગયો હતો.તેમણે કહ્યું ×અમે ચાર મિત્રએ નક્કી કર્યું છે કે પાટીદાર આંદોલન વખતે શહીદ થયેલા તમામ યુવાનોના પરિવાર માટે વૈકલ્પિક નોકરીની વ્યવસ્થા કરીશું. આ માટે મુખ્યમંત્રીને પણ રજુઆત કરીશું.× આ પ્રસંગે હાર્દિક પટેલને જ્યારે ગુજરાત સરકાર સામે કરેલા આંદોલન વિશે સવાલ કરાયો ત્યારે હાર્દિકે જણાવ્યું હતું કે, ×ઘરનો દીકરો પોતાના માતાપિતા પાસે કંઈક માંગણી કરે તે સ્વાભાવિક છે. રાજ્યની જનતા તરીકે અમે પણ સરકાર સમક્ષ માંગણી કરી હતી. ચાર પાંચ વર્ષ સુધી આંદોલન ચાલ્યું, તેને પૂર્ણ પણ સરકારે જ કર્યું. હું પાર્ટીની અંદર કાર્યકર તરીકે જોડાયો છું. મહેનત અને સંઘર્ષ કરીશું. પાર્ટી કહેશે તેમ કરીશું.આંદોલન સમયે ભાજપના નેતાઓ વિશે જેમતેમ શબ્દો બોલ્યા, અને જનતા સાથે દ્રોહ કર્યો તો તેમની માફી માંગવા માંગો છો એવા પત્રકારોના સવાલનો જવાબ આપતાં હાર્દિકે કહ્યું હું જનતા માટે લડતો હતો. તેમણે માફી માંગવાના મામલે સ્પષ્ટ ના પાડી દીધી હતી.૧૭ મેના રોજ હાર્દિક પટેલે આખરે પાર્ટીના કાર્યકારી પ્રમુખપદ સહિત તમામ સ્તરેથી રાજીનામું આપી દીધું હતું

### નેતાઓના સંતાનોને ભાજપ ટિકિટ નહીં આપે

# પિતા અધ્યક્ષ અને પુત્ર મહાસચિવ, પરિવારવાદની આ નીતિ ભાજપમાં નહીં ચાલે : જે પી નડ્ડા

ભોપાલ,તા.૨

આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટના સપના જોતા નેતાઓના પુત્રોને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.જેપી નડ્ડાએ મોટો ઝટકો આપ્યો છે. બુધવારે તેમના ભોપાલ પ્રવાસ પર તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે કોઈ નેતાના પુત્રને ટિકિટ મળશે નહીં. કેન્દ્રીય સંગઠન દ્વારા બનાવવામાં આવેલી નીતિ અનુસાર ટિકિટનું વિતરણ કરવામાં આવશે.ભોપાલ પહોંચેલા ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાનું પાર્ટી કાર્યાલયમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે અહીં નેતાઓની બેઠક પણ કરી હતી. ભોપાલ પહોંચેલા ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાનું પાર્ટી કાર્યાલયમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે અહીં નેતાઓની બેઠક પણ કરી હતી.

ભોપાલમાં ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે એક પ્રશ્નના જવાબમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે સંગઠને નિર્ણય લીધો છે કે એક વ્યક્તિને એક કામ આપવાનું છે. આ માત્ર વિધાનસભાની ચૂંટણીમાં જ નહીં, પરંતુ પાલિકાની ચૂંટણીમાં પણ લાગુ થશે. યુપીનું ઉદાહરણ આપતા નડ્ડાએ કહ્યું કે ત્યાં ઘણા સાંસદોના પુત્રો સારા કામ કરવા માટે દાવેદાર હતા, પરંતુ તેમને ટિકિટ આપવામાં આવી ન હતી. તેમણે વધુંમાં કહ્યું હતુ કે નેતાઓના પુત્રોએ હાલ પૂરતું સંગઠનના કામમાં વ્યસ્ત રહેવું જોઈએ.

ભોપાલમાં નડ્ડાએ કહ્યું કે આપણે પરિવારવાદના ખ્યાલને સમજવો પડશે. અમે માનીએ છીએ કે પિતા અધ્યક્ષ છે, પુત્ર મહામંત્રી છે. પાર્લામેન્ટરી બોર્ડમાં કાકા-બાપા-ફોઈ. આ પરિવારવાદ છે.

પરિવારવાદના પક્ષોમાં પીડીપી અને નેશનલ કોન્ફરન્સ (જમ્મુ અને કાશ્મીર), લોકદળ (હરિયાણા), શિરોમણી અકાલી દળ (પંજાબ), સમાજવાદી પાર્ટી (ઉત્તર પ્રદેશ), રાષ્ટ્રીય જનતા દળ (બિહાર), ટીએમસી (પશ્ચિમ બંગાળ), ડીએમકે (તામિલનાડુ), કર્ણાટકમાં કુમારસ્વામીની પાર્ટી, મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપી છે. તે બધા પરિવારવાદના પ્રતિનિધિ છે. તેઓ પિતા પછી પુત્રનું સ્થાન લેવાનો પ્રયાસ કરે છે. ભાજપ તેની પોલીસીમાં આવું નહીં કરે.

ભોપાલમાં જેપી નડ્ડાએ શિવરાજ સરકારના કામની પ્રશંસા કરી અને કહ્યું કે પાર્ટી આગામી ચૂંટણી તેમના નેતૃત્વમાં લડશે. કાર્યક્રમ બાદ નડ્ડાએ પાર્ટી કાર્યાલયમાં મંત્રીઓ સાથે લગભગ અડધો કલાક ચર્ચા પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અધિકારીઓ કેમ સીધા મુખ્યમંત્રીને મળે છે. કોઈપણ બાબત કે વિષય મંત્રીઓ મારફત મુખ્યમંત્રી સુધી પહોંચવો જોઈએ. અધિકારી કેમ? આ પરંપરા સારી નથી. તેનાથી મંત્રીની નબળાઈ દેખાય છે.

નડ્ડાએ કહ્યું કે મંત્રીઓએ સમીક્ષા કરવી જોઈએ, મીટિંગ કરવી જોઈએ અને અધિકારીઓ સાથે વાત કરવી જોઈએ. કેબિનેટની બેઠક દરમિયાન વિષયો પર પણ ચર્ચા થવી જોઈએ. મુખ્યમંત્રી અને મંત્રીઓ વચ્ચેની ગેપનો ફાયદો અધિકારીઓ ઉઠાવે છે. તમે ક્યારેય કોઈ ગુનેગારને એમ કહેતા જોયો છે કે હું બેઈમાન છું? રાહુલ ગાંધી ન તો ભારતીય છે, ન રાષ્ટ્રીય છે, ન કોંગ્રેસના રહી ગયા છે.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંપૂર્ણ અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર: કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

ગાંધીનગર,તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, આપણી સંસ્કૃતિમાં વિદ્યાધન એ સર્વશ્રેષ્ઠ ધન છે ત્યારે ટિચિંગ અને લર્નિંગની પ્રોસેસને સતત રિડિફાઇન અને રીડીઝાઈન કરતા રહેવાની આવશ્યકતા સમજીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩૪ વર્ષ જૂની શિક્ષણ નીતિમાં બદલાવ લાવી સમયાનુકૂળ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દેશની આપી છે. સૌને સમાન અને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપવાના રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ધ્યેયને સિદ્ધ કરવા સમગ્ર દેશ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કાર્ય કરી રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ભારત સરકારના શિક્ષણ વિભાગ અને ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા યોજાઈ રહેલી દ્વિ-દિવસીય નેશનલ કોન્ફરન્સ ઓન સ્કૂલ એજ્યુકેશનને મુખ્યમંત્રીશ્રી સંબોધન કરી રહ્યા હતા.આ કોન્ફરન્સમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, રાજ્યમંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી, ડૉ.સુભાષ સરકાર, શ્રી રાજીવ ચંદ્રશેખર, ગોવાના મુખ્યમંત્રીશ્રી પ્રમોદ સાવંત, ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, દેશના વિવિધ રાજ્યોના શિક્ષણ મંત્રીશ્રીઓ, એનઈપી-૨૦૨૦ ની ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન ડૉ. કે. કસ્તુરીરંગન સહિતના શિક્ષણવિદો, ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, કોઈપણ રાષ્ટ્ર, રાજ્ય કે સમાજના વિકાસના પાયામાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા મુખ્ય બાબત છે. બીબાઢાળ અને કાલબાહ્ય શિક્ષણના સ્થાને ઈંક્લુઝિવ અને ઈક્વિટેબલ શિક્ષણ પૂરું પાડવું તે સમયની માંગ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રના બાળકો અને આવનારી પેઢીને આવું સમયાનુકુલ શિક્ષણ આપવાની પ્રતિબદ્ધતા સાથે આ નવી શિક્ષણ નીતિ આપી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આઠ વર્ષના કાર્યકાળમાં દેશમાં અનેક નવી પહેલ થઈ છે, નવી શિક્ષણ નીતિ તેમાંની એક છે. આ નીતિને પરિણામે દેશના યુવાનોને ઉચ્ચ શિક્ષણ પણ માતૃભાષામાં મળતું થશે.

# હાર્દિક પટેલે ૧૨૦૦ કરોડ રૂપિયાની ભાજપની ઓફર વાળા નિવેદન પર ચૂપકીદી સેવી

ગાંધીનગર,તા.૨

પાટીદાર નેતા અને કોંગ્રેસના પૂર્વ ઉપાધ્યક્ષ હાર્દિક પટેલે રાજીનામાં આપ્યા બાદ આજે કમલમ ખાતે વિવિધવત ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં કેસરીયો ખેસ ધારણ કર્યો હતો. ભાજપમાં જોડાયા બાદ હાર્દિક પટેલે આંદોલન દરમિયાન ધયેલા નુક્સાન તેમજ ૧૪ પાટીદાર યુવાનોને લઈને માફી માગવાનો ઈક્રાર કરી દિધો હતો. તેમજ હાર્દિક પટેલને આરએસએસનો હાથો હોવાનુ કહેતા જણાવ્યુ હતુ કે, સમાજના હિત માટે જો હુ હાથો બન્યો હોય તો મને તેના માટે ગર્વ છે.

હાર્દિક પટેલે પાટિદાર આંદોલન દરમિયનાન રાજ્યના જાહેર મિલ્કતને થયેલા નુક્સાન મામલે જણાવ્યુ હતુ કે, હું ખુદ આગ લગવા નહોતો ગયો અને મે કોઈને તેવુ કરવા માટે કહ્યુ નહોતુ. હાર્દિક પટેલને પત્રકારો દ્વારા ૧૨૦૦ કરોડ ભાજપ દ્વારા ઓફર કરવામાં આવી હતી આ મામલે સવાલ કરતા તેનો જવાબ આપવાનું ટાળ્યુ હતુ આંદોલન સમયે ભાજપના નેતાઓ વિશે જેમતેમ શબ્દો બોલ્યા અને જનતા સાથે દ્રોહ કર્યો તો તેમની માફી માગવા માગો છો, એવા પત્રકારોના સવાલનો જવાબ આપતાં હાર્દિકે કહ્યું, હું જનતા માટે લડતો હતો. તેમણે માફી માગવાના મામલે સ્પષ્ટ ના પાડી દીધી હતી. બે મહિનામાં શહીદ પરિવાર માટે નોકરીની વ્યવસ્થા કરીશું.

અને ભાજપમાં કોઈ પણ પ્રકારની અપેક્ષા વરગ એક સામાન્ય સૈનિક તરીકે જોડાયો છુ. ભાજપમાં આવતા જ હાર્દિક પટેલના રાષ્ટ્રીય નેતાઓ પ્રત્યેના સૂર બદલયેલા જોવા મળ્યા હતા. હાર્દિક પટેલ જે અમિત શાહને જનલર ડાયરની સાથે સરખાણી કરી હતી. જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે પણ અપશબ્દો બોલ્યા હતા. આ મામલે જણાવ્યુ હતું કે, આંદોલન સત્તાની વિરુધમાં જ હોય છે. જે તે સમયે આક્રોષ હોય છે. આ જ અનામત આંદોલને લીધે પ્રધાનંત્રી નરેદ્ર મોદીએ EBC ને ૧૦ ટકા અનામતનો લાભ તમામ લોકોને મળ્યો છે.

# એસ જયશંકરે કેનેડાના વિદેશ મંત્રી સાથે ઉગ્રવાદીઓના નિવારણ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી

નવીદિલ્હી,તા.૨

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે કેનેડિયન સમકક્ષ મેલાની જોલી સાથે ફોન પર વાત કરી હતી. આ દરમિયાન ચર્ચામાં મહત્વનો મુદ્દો એ પણ હતો કે કેનેડામાં મળેલી સ્વતંત્રતાનો દુરુપયોગ કરનારા ભારત વિરોધી તત્વો વિદેશ મંત્રી જયશંકરના જણાવ્યા અનુસાર, વાતચીત દરમિયાન તેમણે સ્વતંત્રતા અધિકારોના દુરુપયોગ અને ઉગ્રવાદી તત્વોને આપવામાં આવતા પ્રોત્સાહન અંગે પણ વિગતવાર ચર્ચા કરી હતી.

વિદેશ મંત્રી એસ જયશંકરના જણાવ્યા અનુસાર, કેનેડાના વિદેશ મંત્રી સાથે તેમની ચર્ચામાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા, આર્થિક-રાજકીય સંબંધો અને યુક્રેન યુદ્ધથી ઉભી થયેલી સ્થિતિ સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ. પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યા બાદ ગોલ્ડી બ્રારનું નામ અને તેના કેનેડા કનેક્શન્સ સામે આવતાં ડૉ. જયશંકરની કૅનેડાના વિદેશ પ્રધાન સાથેની ફોન પરની વાતચીત મહત્ત્વપૂર્ણ છે.

પંજાબ પોલીસે સિદ્ધુ મૂઝવાલાની હત્યા સહિતના અનેક કેસમાં વોન્ટેડ ગોલ્ડી બ્રારની પરત ફરવા માટે રેડ કોર્નર નોટિસ જારી કરવાની તૈયારી કરી લીધી છે. આ પહેલા ફરીદકોટના યુથ કોંગ્રેસના નેતા ગુરલાલ સિંહની હત્યાના મામલે પણ બ્રારનું નામ નોંધવામાં આવ્યું હતું. પરંતુ તે કેનેડાથી પરત ફરી શક્યો ન હતો.

# સત્યેન્દ્ર જૈન બાદ મનીષ સિસોદિયાને જેલમાં મોકલવામાં આવશે : અરવિંદ કેજરીવાલ

નવીદિલ્હી,તા.૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આશંકા વ્યક્ત કરી છે કે સત્યેન્દ્ર જૈન બાદ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને પણ જેલમાં મોકલવામાં આવી શકે છે. અરવિંદ કેજરીવાલે ગુરુવારે વર્ચ્યુઅલ કોન્ફરન્સ દ્વારા આ આશંકા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરવામાં આવશે તેવું તેમને કહેનારા સૂત્રોએ કહ્યું કે હવે મનીષ સિસોદિયાનો વારો છે.દિલ્હીના સીએમએ કહ્યું, ‘‘આમ આદમી પાર્ટીના તમામ મંત્રીઓને જેલમાં ધકેલી દો. હવે મનીષ સિસોદિયા પણ ફારસી કેસમાં જેલમાં જવાની તૈયારી કરી રહ્યા છે. મેં થોડા મહિના પહેલા કહ્યું હતું કે, કેન્દ્ર સત્યેન્દ્ર જૈનને નકલી કેસમાં જેલમાં મોકલવા જઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર પણ મનીષ સિસોદિયાને જેલમાં મોકલવા જઈ રહી હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે.

કેજરીવાલે કહ્યું, ‘‘મનીષ સિસોદિયા સ્વતંત્ર ભારતના અત્યાર સુધીના શ્રેષ્ઠ શિક્ષણ મંત્રી છે. તેમણે દિલ્હીમાં શિક્ષણ ક્રાંતિ લાવવાનું કામ કર્યું છે. હું દિલ્હીની ૧૮ લાખ સરકારી શાળાના બાળકોને પૂછવા માંગુ છું કે શું તમારા શિક્ષણ મંત્રી ભ્રષ્ટ છે? હું તેમના પરિવારના સભ્યોને પણ પૂછવા માંગુ છું કે શું તમને લાગે છે કે સિસોદિયા ભ્રષ્ટ છે. કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે તમે ગમે તેટલા દરોડા પાડો, અમે કામ કરતા રહીશું.

અરવિંદ કેજરીવાલે કહ્યું, ‘‘એવું જાણવા મળ્યું છે કે કેન્દ્ર સરકારે તમામ એજન્સીઓને મનીષ સિસોદિયા સામે કેટલાક નકલી કેસ તૈયાર કરવા કહ્યું છે. જે રીતે સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ બનાવટી કેસ કરવામાં આવ્યો છે તે જ રીતે મનીષ પણ સિસોદિયા વિરુદ્ધ બનાવટી કેસ બનાવી રહ્યો છે. મને લાગે છે કે સત્યેન્દ્ર જૈન અને મનીષ સિસોદિયાને ખોટા કેસમાં જેલમાં નાખીને આ લોકો દિલ્હીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યમાં થઈ રહેલા સારા કામને રોકવા માગે છે. પરંતુ ચિંતા કરશો નહીં બધા સારા કામ ચાલશે.

## તંત્રી સ્થાનેથી...

# આતંકીઓનો પડકાર

*કાશ્મીરના કુલગામમાં હિંદુ શિક્ષિકા રજનીબાળાની હત્યા એ જ દર્શાવે છે કે કાશ્મીરમાં સક્રિય આતંકી બિનમુસ્લિમોને ખાસ કરીને નિશાનો બનાવવા તત્પર બન્યા છે. આ આતંકીઓએ સરકારી સ્કૂલમાં ઘૂસીને રજની બાળાને જે રીતે ગોળી મારી, તેનાથી એ ખોફનાક ઘટનાની યાદ આવી ગઈ, જેમાં થોડા મહિના પહેલાં શ્રીનગરની એક સ્કૂલમાં કંઇક આ જ રીતે એક શીખ શિક્ષિકા અને એક કાશ્મીરી પંડિત શિક્ષકની હત્યા કરી દેવામાં આવી હતી. આ બંનેને તેમના ઓળખપત્ર જોઈને ગોળી મારવામાં આવી હતી. ત્યારબાદ આ રીતે હત્યાઓનો સિલસિલો ચાલુ જ છે. હજુ થોડા દિવસો પહેલાં બડગામ જિલ્લામાં આતંકીઓએ તાલુકા કચેરીમાં ઘૂસીને ત્યાંના કર્મચારી રાહુલ ભટ્ટને ગોળીઓ ધરબી દીધી હતી. તે પણ કાશ્મીરી પંડિત હતા. એ ઠીક છે કે પોલીસ અને સુરક્ષા દળોના જવાબનો આ પ્રકારનું ટાર્ગેટ કિલિંગ કરનારા આતંકીઓને થોડા દિવસોમાં જ ઠાર મારે છે, પરંતુ તેનાથી ઘાટીમાં વધેલા કાશ્મીરી હિંદુઓની દહેશત દૂર નથી થવાની, કારણ કે તેઓ છાશવારે પોતાના લોકોની હત્યાના ભયાવહ સિલસિલાને જોઈ રહ્યા છે. તેનાથી તેમનું મનોબળ તો ઘટે જ છે, કાશ્મીરી હિંદુઓની ઘાટીમાં વાપસીની સંભાવનાઓ પણ ધૂંધળી બનવા લાગી છે.*

*આતંકીઓ ફક્ત કાશ્મીરી હિંદુઓને જ ભયાક્રાંત નથી કરતા. તેઓ જ્યારે-ત્યારે કાશ્મીર પોલીસના જવાનોને પણ નિશાનો બનાવે છે અને તેમને પણ, જેમને પાકિસ્તાન તરફી તત્ત્વોના હિસાબે ચાલવું સ્વીકાર્ય નથી. વાસ્તવમાં આતંકી કાશ્મીરી હિંદુઓ સાથે ઘાટીના દરેક એ વ્યક્તિને ખોફમાં રાખવા માંગે છે, જે રાષ્ટ્રની મુખ્યધારા સાથે જોડાવા માટે તૈયાર છે. તેમાં કોઈ શંકા નહીં કે આ બધું પાકિસ્તાનના ઇશારે થઈ રહ્યું છે. ત્યાં સરકાર ભલે બદલાઈ ગઈ હોય, પરતુ ભારત પ્રત્યેના વલણમાં કોઈ બદલાવ નથી આવ્યો. આ એક મુશ્કેલી જ છે કે જ્યારે પાકિસ્તાન કાશ્મીરને અસ્થિર-અશાંત કરવાનું બંધ નથી કરતું, ત્યારે ભારત તેની સાથે સિંધુ જળ સંધિ પર વાત કરી રહ્યું છે. શું એ યોગ્ય નથી કે પાકિસ્તાનની નાપાક હરકતોને જોતાં ભારત આ સંધિ પર નવેસરથી વિચાર કરે? જો પાકિસ્તાનને કાશ્મીરીઓના હિતોની એટલી જ ચિંતા હોય તો પછી તે પોતાના ગેરકાયદે કબ્જાવાળા કાશ્મીરના લોકોનું દમન કેમ કરી રહ્યું છે? સવાલ એ પણ છે કે તમામ અત્યાચાર બાદ પણ ગુલામ કાશ્મીરમાં એવો કોઈ અવાજ કેમ નથી ઉઠતો, જેવો ઘાટીના ભાગલાવાદી ઉઠાવતા રહ્યા છે. એક સત્ય એ છે કે કાશ્મીરમાં ભાગલાવાદ અને આતંકવાદને ખાતરપાણી આપવાનું કામ પાકિસ્તાનની સાથે જ ખુદ ઘાટીના કેટલાક સ્થાનિકો પણ કરી રહ્યા છે અને તેમાં રાજકીય પક્ષોના નેતાઓ પણ સામેલ છે. આતંકીઓની સાથે જ આવા લોકો પણ પડકાર બની ગયા છે.*

# જેવી કરણી તેવી ભરણી



આપણે જેવા કર્મ કરીશું તેનાં ફળ આજે નહી તો કાલે ભોગવવા પડશે.એક ગામના જમીનદાર ઘણા વર્ષોથી બિમાર હતા.બિમારીના ઈલાજ માટે કોઇ ડૉકટર,વૈધને બતાવવાનું બાકી રાખ્યું નહોતું તેમ છતાં તબિયતમાં કોઇપણ પ્રકારનો સુધારો ન થયો.

ગામમાં એક સંતનું આગમન થાય છે.જમીનદાર સંતના દર્શન કરવા જાય છે.સંતને પ્રણામ કરીને ખુબ જ દુઃખી હૃદયે કહે છે કે મહાત્માજી..હું આ ગામનો જમીનદાર છું,મારી પાસે સેકડો વિઘા જમીન છે અને સુખના તમામ સાધનો હોવા છતાં મને જે ગંભીર પ્રકારની બિમારી થઇ છે તેમાં આરામ થતો નથી.

મહાત્માએ પુછ્યું કે તમોને કયો રોગ થયો છે? ત્યારે જમીનદાર કહે છે કે મળ ત્યાગ કરતાં ઘણું જ લોહી નીકળે છે અને સહન ના થાય એટલું દર્દ થાય છે, લાગે છે કે મારા પ્રાણ નીકળી જશે.આપ આર્શિવાદ આપો કે મારી આ બિમારીમાંથી છુટકારો મળે. મહાત્માએ આંખો બંધ કરી શાંત બેસીને પછી કહ્યું કે ખરાબ ના લાગે તો એક વાત પુછું? તમે ક્યારેય કોઇનું દિલ એટલુ બધું દુભાવ્યું છે કે તેના નિશાસાનો દંડ તમો આજે ભોગવી રહ્યા છો? તમે તેને એટલું બધું દુઃખ આપ્યું હશે કે તેની પીડા તમે ભોગવી રહ્યા છો?

ત્યારે જમીનદાર કહે છે કે મેં કોઇનું દિલ દુભાવ્યું હોય કે કોઇને દુઃખ આપ્યું હોય તેવું મને યાદ નથી.ત્યારે મહાત્મા કહે છે કે યાદ કરો ક્યારેય તમે કોઇનો હક્ક તો નથી છીનવી લીધોને? કોઇની પીઠ પાછળ છરો મારીને કોઇની આજીવિકા તો નથી છીનવી લીધીને? કોઇની સાથે તેના હિસ્સાનું બળજબરીથી પચાવી તો નથી પાડ્યુંને?

મહાત્માની પુરી વાત સાંભળીને જમીનદાર શર્મસાર બનીને કહે છે કે મારી એક વિધવા ભાભી તેના પિયરમાં રહેતી હતી, તે તેના ભાગના હિસ્સાની માંગણી કરતી હતી પરંતુ ભવિષ્યમાં તેના ભાગનો હિસ્સો લઇને તેના ભાઇને આપી દેશે એ ભયથી મેં તેના હિસ્સાની જમીન-જાયદાદ અને સંપત્તિ મેં ન આપતાં હું તેનો ઉપભોગ કરૂં છું.

મહાત્માએ કહ્યું કે આજથી તમે તમારી વિધવા ભાભીને દર મહિને સો રૂપિયા આપવાનું શરૂ કરી દો. આ પુરાતન સમયની વાત છે તે જમાનામાં સો રૂપિયામાં સમગ્ર પરીવારનું ભરણપોષણ થઇ જતું હતું. બીજા મહિનેથી જમીનદાર કેટલાક રૂપિયા વિધવા ભાભીને આપવાનું ચાલુ કરે છે.મહિના પછી મહાત્મા પાસે આવીને જમીનદાર કહે છે મારી બિમારીમાં પંચોત્તેર ટકા સારૂં લાગે છે.

મહાત્માજીએ વિચાર્યું કે જમીનદારને સો ટકા સારૂં થઇ જવું જોઇએ તેમછતાં આમ કેમ બન્યું? મહાત્માજીએ કહ્યું કે તમે તમારી વિધવા ભાભીને દર મહિને કેટલા રૂપિયા મોકલાવો છો? ત્યારે જમીનદાર કહે છે કે દર મહિને પંચોત્તેર રૂપિયા મોકલું છું.ત્યારે મહાત્મા કહે છે કે એટલે જ તમોને સો ટકા સારૂં થતું નથી,તમે વિધવા ભાભીને બોલાવીને તેમના હક્કનું તમામ આબરૂભેર આપી દો.તેમના હક્કની સંપત્તિનું તેમને મન ફાવે તેમ ભલે ખર્ચ કરે કે ગમે તેને આપી દે તેમાં તમારે કોઇ દખલગીરી કરવાની નથી.

તમોને ખબર છે? તમે તેમનો હક્ક પચાવી પાડ્યો છે તેથી તે નિરાધાર વિધવા ભાભી કેટલી રડતી કકળતી હશે? બીજાના સહારે જીવન જીવતાં અંતરથી કેટલા શ્રાપ આપતી હશે તેના ફળસ્વરૂપે જ તમારી બિમારી મટતી નહોતી.

વિચાર કરો..મૃત્યુ પછી આપણી સાથે શું આવવાનું છે? મૃત્યુ ક્યારે આવી જાય તેની આપણને ખબર પડતી નથી એટલા માટે પોતાના સ્વભાવ અને ચિંતનને નિર્મળ બનાવી રાખીને પ્રત્યેક ક્ષણે સાવધાન રહેવું જોઇએ અને પ્રભુ પરમાત્માનું નિત્ય નિરંતર સુમિરણ કરતા રહેવું જોઇએ.જમીનદારને ઘણો જ પશ્ચાતાપ થાય છે, તેમને તરત જ પોતાની વિધવા ભાભી તથા તેમના ભાઇઓને બોલાવીને સમગ્ર ગામના લોકોની સાક્ષીએ તેના ભાગની જમીન,તેના હક્કના પૈસા આપી દીધા તથા પોતાની ભૂલ બદલ જાહેરમાં ભાભીની માફી માંગે છે.ભાભીએ વિશાળ દિલથી તેમને માફ કરી દીધા અને જમીનદારને ઘણા જ આર્શિવાદ આપે છે જેના પરીણામસ્વરૂપ જમીનદારની બિમારી કાયમ માટે મટી જાય છે.

જો તમોને પણ કોઇ અસાધ્ય રોગ થયો હોય તો જરૂરથી વિચાર કરજો કે સત્તા અને સંપત્તિના નશામાં મેં કોઇનો હક્ક તો નથી લઇ લીધોને? મેં કોઇનું દિલ તો નથી દુધાવ્યુંને? યાદ રાખો પ્રભુ પરમાત્માની લાઠીનો અવાજ નથી સંભળાતો પરંતુ આપણે જેવી કરણી કરીશું તેવું ફળ આજે નહી તો કાલે ભોગવવું જ પડશે જ..

સારા માનવ બનો અને બધાનું ભલું કરો.ભૂતકાળમાં જે ભૂલો કરી છે તેને સુધારી લઇએ અને ભવિષ્યમાં સમજી વિચારી એવા કર્મો કરીએ કે અમારી વાણી વર્તનથી કોઇની લાગણી ના દુભાય.અમારૂં એક ખરાબ કર્મ અમોને અનેક જન્મો લેવાનું કારણ બનતા હોય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રેસ્ટોરન્ટ દ્વારા બિલ પર વસૂલવામાં આવતો સર્વિસ ટેક્સ ગેરકાયદેસર રહેશેઃ સરકારનો નિર્ણય

નવીદિલ્હી,તા.૨

સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે રેસ્ટોરન્ટ માલિકો દ્વારા બિલ પર વસૂલવામાં આવતો સર્વિસ ટેક્સ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. જો તે ગ્રાહક પાસેથી બળપૂર્વક લેવામાં આવે છે તો ગ્રાહક પાસે કાનૂની અધિકારો હશે. હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનને આ પ્રથા તાત્કાલિક બંધ કરવા માટે કહેવામાં આવ્યું છે.સરકાર રેસ્ટોરન્ટ માલિકો દ્વારા વસૂલવામાં આવતા સર્વિસ ચાર્જ અંગેના કાયદામાં ફેરફાર કરવાના પક્ષમાં છે. આ ગ્રાહકને વધુ શક્તિશાળી બનાવશે. ગ્રાહક બાબતોના વિભાગે આ અંગે કડકતા દાખવતા ગુરુવારે (૨ જૂન) એક મોટી બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કડકાઈ બતાવતા હોટેલ એસોસિએશનને સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું હતું કે સર્વિસ ચાર્જ લેવો ગેરકાયદેસર છે.

સરકાર દ્વારા ટૂંક સમયમાં આ માટે ગ્રાહકોને કાયદાકીય અધિકારો પણ આપવામાં આવશે. સરકાર તરફથી એવું કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૭ના કાયદા અનુસાર સર્વિસ ચાર્જ ચૂકવવો કે ન ચૂકવવો તે ગ્રાહકની મરજી હતી. જો કોઈ ઈચ્છા ન હોય, તો ગ્રાહક તેને આપવાનો ઈનકાર કરી શકે છે. પરંતુ હોટેલીયર્સ તેને સતત લઈ રહ્યા છે. બેઠકમાં અન્ય ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. હોટેલ એસોસિએશન ઉપરાંત Zomato, Swiggy, Delhivery, Zepto, Ola, Uber જેવા પ્રદાતાઓના પ્રતિનિધિઓ પણ બેઠકમાં હાજર હતા. ગ્રાહક હેલ્પલાઈન પર આ અંગે સતત ફરિયાદોને જોતા સરકારે આ મોટો નિર્ણય લીધો છે.

ભારત સરકાર દ્વારા ૨૧ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ સર્વિસ ચાર્જ અંગે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું હતું કે ઘણી વખત ગ્રાહક બિલમાં સર્વિસ ચાર્જ ચૂકવ્યા પછી પણ તેઓ વેઈટરને અલગથી ટીપ આપે છે. એવું માનવામાં આવે છે કે આ સેવા ભોજનની કિંમત સાથે જોડાયેલી છે.

## ૩ જૂન, વિશ્વ સાઈકલ દિવસ

# સાઈકલ સાઈકલ, મારી સોનાની સાઈકલ



સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ સત્તાવાર વિશ્વ સાયકલ દિવસ ૩ જૂન, ૨૦૧૮ ના રોજ ઉજવવામાં આવ્યો. ભારતમાં પણ છેલ્લા ત્રણ વર્ષથી આ દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ પાછળનું કારણ કોરોના કાળ હોય શકે છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. પરિવહન માટેનાં એક સરળ, વ્યાજબી, વિશ્વસનીય અને વાતાવરણની સુરક્ષાને પ્રોત્સાહિત કરતા સાધન સાઈકલનું મહત્વ લોકો સુધી પહોંચાડવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. યુરોપિયન દેશોમાં સાયકલનો ઉપયોગ કરવાનો વિચાર ૧૮મી સદીનાં અંતમાં જ લોકોના મગજમાં આવી ગયો હતો. જો કે, પ્રથમ વર્ષ ૧૮૧૬ માં, પેરિસિયન કારીગરે તેને એક આકૃતિનું રૂપ આપ્યુ. એ વખતે તેને હોબી હોર્સ એટલે લાકડીનો ઘોડો કહેવામાં આવતું હતું અને ત્યારબાદ ૧૮૬૫ માં સાઈકલનું મૂળ સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હતું. ભારતમાં સાયકલે આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી. આઝાદી પછી ઘણા દાયકાઓ સુધી સાયકલ ટ્રાફિકનો મહત્વનો ભાગ રહી. ૧૯૬૦ થી ૧૯૯૦ ના દાયકા સુધી ભારતમાં મોટાભાગનાં પરિવારો પાસે સાયકલ હતી. એ સમયે તે એક મહત્વપૂર્ણ અને વ્યાજબી સાધન હતું. ભારતીય ટપાલ ખાતાની આખી સિસ્ટમ સાયકલથી ચાલતી હતી. આજે પણ પોસ્ટમેન સાયકલ દ્વારા પત્રો વહેંચે છે. સાયકલ ગામડાઓમાં ખેડુતો માટે બજાર સુધી પાકને પહોચાડવાનું સાધન રહ્યુ. જે આજે પણ અમુક અંશે યથાવત છે. દૂધ વેચનાર માટે પણ સાઈકલ એક મહત્વપૂર્ણ સાધન છે અને પ્રમાણમાં ઓછી આવક ધરાવતા મજૂરો માટે પણ તે ઉત્તમ વાહન છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા સંસદ જવા-આવવા માટે સાઈકલનો પ્રયોગ કરે છે.

સાયકલ ચલાવવાનાં ઘણા ફાયદા છે માટે તો તેને સોના સાથે સરખાવવામાં આવ્યું છે.

- દરરોજ અડધો કલાક સાયકલ ચલાવવાથી સ્થૂળતા, ખાસ કરીને પેટની ચરબી ઓછી થાય છે.
- દરરોજ સવારે સાયકલ ચલાવવીથી તાજી હવા પણ મળે છે અને તમારી ફિટનેસને જાળવી રાખે છે.
- સાયકલ ચલાવવાથી રોગપ્રતિકારક શક્તિ પણ સારી રહે છે. એક અહેવાલ મુજબ, સાયકલ ચલાવવાથી ઈમ્યૂન સેલ્સ એક્ટિવ થઈ જાય છે જે રોગનું જોખમ ઘટાડે છે.
- એક શોધ મુજબ, રોજ ૩૦ મિનિટ સાયકલ ચલાવવાથી વ્યક્તિનુ મગજ સામાન્ય વ્યક્તિ કરતા વધુ સક્રિય રહે છે અને બ્રેન પાવરમાં પણ ૧૫ થી ૨૦ ટકાનો વધારો થાય છે.
- સાયકલમાં ડીઝલ અથવા પેટ્રોલની જરૂર રહેતી નથી અને સ્વાસ્થ્ય પણ જળવાય છે. તેનાથી પ્રદૂષણ ફેલાતું નથી માટે તે પર્યાવરણ માટે પણ અનુકૂળ છે.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# મહિલાને માતા અને સાસુના ઘરમાં રહેવાનો અધિકાર, તેથી તેને બહાર નીકાળી ના શકાય : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે કહ્યુ કે, એક મહિલાઓ પોતાની માતાની સાથોસાથ સાસુના ઘરે પણ રહેવાનો પૂરે પૂરો અધિકારી છે. આથી કોર્ટ કોઈને બહાર નીકાળવાની મંજૂરી આપી શકે નહી. ન્યાયમૂર્તિ અજય રસ્તોગી અને બી વી નાગરરત્નાની બનેલી ખંડપીઠે નિર્ણય આપ્યો હતો.

ઘરેલું હિંસાનો ભોગ બનેલી મહિલાઓના હિતોની સુરક્ષા માટે સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો હતો. કોર્ટે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ સહિયારા ઘરમાં રહેવાના અધિકાર અંગે વ્યાપક સમજૂતી આપી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે સ્ત્રી, પછી ભલે તે માતા હોય, પુત્રી હોય, બહેન હોય, પત્ની હોય, સાસુ હોય, પુત્રવધૂ હોય કે ઘરેલું સંબંધોમાં હોય, તેને સહિયારા ઘરમાં રહેવાનો અધિકાર છે. ઘરેલું સંબંધમાં એક મહિલા જે પીડિત નથી, તેનો અર્થ એ નથી કે તે ઘરેલુ હિંસાનો ભોગ બની નથી, તેને સહિયારા પરિવારમાં રહેવાનો અધિકાર છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ કોર્ટ મહિલાને ઘરની બહાર નીકાળવાની પરવાનગી ના આપી શકે. તમે એ મહિલાને પંસદ નથી કરતા તેનો મતલબ એ નથી કે તમે તેને ઘરની બહાર કાઢી નાંખો. કેટલાક ઘરના ઝગડાઓને કારણે મહિલાઓને ઘરની બહાર કાઢવાને કારણે ઘરો તૂટી રહ્યાં છે. સુપ્રીમ કોર્ટે આગળ જણાવ્યું કે, જો મહિલા પર દુર્વ્યવહારનો આરોપ લાગ્યો હોય, તો કોર્ટ વૈવાહિક ઘરોમાં પરિવારના સભ્યોને હેરાન ના કરવાની શર્તો મુકી શકે છે. કોર્ટ તેના પર નિયમો પણ લાગુ કરી શકે છે.

બોમ્બે હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે મહિલા અને તેના પતિને સસરાનું ઘર ખાલી કરવું પડશે. મહિલા અને તેના પતિએ વૃધ્ધ દંપતિને દર મહિને ૨૫,૦૦૦ રુપિયા આપવાનો નિર્દેશ કોર્ટે કર્યો હતો. ત્યાર બાદ તે મહિલાએ ઘરેલૂ હિંસાથી મહિલાઓના સંરક્ષણ અધિનિયમ અને પોતાના નિવાસ અધિકાર મુજબ ટ્રિબ્યૂનલના આદેશને પડકાર્યો અને યાચિકા દાખલ કરી.

હાઈકોર્ટે વૃદ્ધ માતા-પિતાના પુત્રને તેની પત્ની અને બે બાળકો માટે વૈકલ્પિક આવાસ વ્યવસ્થા કરવા આદેશ આપ્યો હતો. પરંતુ ભરણપોષણનો આદેશ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. મહિલાએ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આ અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં આ મામલે ફરી સુનાવણી થશે અને સુનાવણી દરમિયાન મહિલાની સાસુને વીડિયો દ્વારા સામેલ કરવામાં આવશે. ઘરેલું હિંસાનો ભોગ બનેલી મહિલાઓના હિતોની સુરક્ષા માટે સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો હતો. કોર્ટે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ સહિયારા ઘરમાં રહેવાના અધિકાર અંગે વ્યાપક સમજૂતી આપી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે સ્ત્રી, પછી ભલે તે માતા હોય, પુત્રી હોય, બહેન હોય, પત્ની હોય, સાસુ હોય, પુત્રવધૂ હોય કે ઘરેલું સંબંધોમાં હોય, તેને સહિયારા ઘરમાં રહેવાનો અધિકાર છે. ઘરેલું સંબંધમાં એક મહિલા જે પીડિત નથી, તેનો અર્થ એ નથી કે તે ઘરેલુ હિંસાનો ભોગ બની નથી, તેને સહિયારા પરિવારમાં રહેવાનો અધિકાર છે.

# શું કામ કોસ્ચુંમ માટે પૈસા ખર્ચે છે, જે તું ઓલરેડી છે?-રાજ રદીને મારો સવાલ!

ઘેલછાનું બીજું નામ માણસ છે. જન્મ લે ત્યારથી ઘેલછાને પંપાળે છે, પોષે છે. માણસને જે નથી તે થવાની ઘેલછા હોય છે.

દેવો ઇ

અને દાનવોએ મેરૂ પર્વતનો રવૈયો અને શેષનાગની રાશ- દોરડું કરીને સમુદ્રમંથન કરેલ. જેમાં ચૌદ રત્નો નીકળેલા તેમ જ વિષ પણ નીકળેલું.ભગવાન જેવા ભગવાને વિશ્વ મોહિનીસ્વરૂપ ધારણ કરી,લટકા, મટકા, ઝટકા, ચટકા કરીને અસુરોને અમૃતને બદલે વિષપાન કરાવેલ હતું. તત્સમયે સરકારી સેવાનો લાભ લેવા માટે આધારકાર્ડ લિંક કરવાની સિસ્ટમ ન હતી!!ભગવાને અડધું શિવ અને અડધું પાર્વતીનું અર્ધનારીશ્વર સ્વરૂપ ધારણ કરેલું.

ઘણા લોકો ખાસ કરીને મહિલાઓ કરોળિયાની ડરતી હોય છે. છતાં, કરોળિયો થવાની ખંજવાળ આવે છે.

સ્પાઇડરમેનની કરામત અને કરતબના ઘણી ફિલ્મો આવી છે, જે બ્લોક બસ્ટર રહી છે.આ ફિલ્મો ફિકશનમાં પણ પરમ પિતાશ્રી હોય છે.સ્પાઇડરમેન નેટ જેવા દોરડે લટકીને સાહસો કરે છે. એ બધી સ્ટંટ ટેકનિકસ અને ગ્રાફિકસની કમાલ હોય છે. વાસ્તવમાં કોઇ તેવો ખેલ કરવા જાય તો છ મહિનાનો ખાટલો થાય!!! અલબત, કેટલાક સાહસવીરો સ્પાઇડરમેનની જેમ મલ્ટીસ્ટોરી બિલ્ડિંગ સડસડાટ ચડી જાય છે.

અર્જુન ગુપ્તવેશમાં સ્ત્રી બનીને બૃહન્લા બન્યો હતો. જે નૃત્ય શિક્ષક બન્યો હતો. ભીમ સૈરંન્ધ્રી બન્યો હતો. જેના પર રાજાનો સાળો લટ્ટુ બન્યો હતો!!

ગ્રેટ શોમેન રાજકપૂરે અનેક ફિલ્મો બનાવેલી. ભોળા ગામડિયાનો મેઇકઓવર કરેલો અને સેન્સર બોર્ડની આંખમાં ધૂળ નાંખીને સેકસ પીરસેલ . રાજકપૂરે તેનું સર્વસ્વ હોમીને મેરા નામ જોકર બનાવેલ. જે ભયંકર ફલોપ રહી હતી. જેના લીધે આર્થિક રીતે ખુવાર થયેલો.અલબત, એ ફિલ્મમાં જોકરનું કિરદાર સજીવન કરેલ અને જોકરના જીવનનું કારૂણ્ય આબેહૂબ દર્શાવેલ.

પહેલાંના સમયમાં સિનેમા કે નાટક કે સંગીતમાં પરફોક્મ કરવું એ હિનતમ ગણાતું હતું. એ સમયે સ્ત્રીપાત્રો ભજવવા કોઇ સ્ત્રી તૈયાર ન હોવાથી પુરૂષો સ્ત્રીવેશ કાઢતા હતા. થોડાં આંસુ થોડાં ફૂલ નામની અદ્ભૂત આત્મકથા આપનાર જયશંકર ભોજકે સ્ત્રીપાત્રમાં ઓતપ્રોત થઇને સ્ત્રીપાત્રોની ઊજવણીમાં કરી કે તેમને સુંદરીનું બિરુદ મળેલ.તે સમયની શેઠાણીઓ, ભદ્રલોકોમાં માનુનીઓ સુંદરી જેમ સાડી પહેરે,ચોટલો ગૂંથે તેની અદલોઅદલ કોપી કરવામાં ધન્યતા સમજતી હતી!!!

અત્યારે સુનિલ ગ્રોવર, અલિ વગેરે સહજતાથી સ્ત્રીપાત્રો ભજવે છે. કમલહાસન અને ગોવિંદાએ પૂરી ફિલ્મમા ચાચાનું મનોરંજક પાત્ર ભજવેલું હતું!!!

આપણે નાતાલ સાથે નાતાલ ટ્રી, કેક, રોશની અને શાંતાકલોઝ સંકળાયેલ છે.અસલી શાંતાકલોઝ સ્થૂળકાય ,સફેદ વાળવાળા,ગુચ્છાદાર લાલ ટોપી , ઘંટ અને ગિફટનો ઝોલો હોય. શાંતાકલોઝ થવા માટે વધુ ખર્ચ કરવો પડતો નથી. નાતાલની ઉજવણી દરમિયાન દુકાન કે મોલ કે રેસિટોરેન્ટના નોકરો શાંતાકલોઝ બની બાળકો માટે આકર્ષણ ઉભું કરે છે!!

આપણે ત્યાં વરસો પહેલાં નવરાત્રી પર ભવાયા-તરગાળા વેશ કાઢતા હતા. વીર માંગડાવાળો, રા'નવઘણ, પૃથ્વીરાજ ચૌહાણ વગેરે. "રાત થોડીને વેશ ઝાંઝાં " કહેવત પણ છે.

અડધી સદી કરતાં વધુ પહેલાં, મેટેલના અમેરિકન સ્ટેનોગ્રાફર રુથ હેન્ડલર બાર્બી ડોલની છબી સાથે આવ્યા હતા, અને ત્યારથી પાતળા પગ, વાદળી આંખો અને પાતળી કમરવાળી સોનેરીએ સમગ્ર વિશ્વને જીતી લીધું છે. બાર્બી ડૉક્ટર, કારભારી, બિઝનેસ વુમન, રોક સ્ટાર, શિક્ષક, મિલિટરી પાઇલટ બની. એલિઝાબેથ ટેલર, મેરિલીન મનરો, ઓડ્રી હેપબર્નના દેખાવની નકલ કરતી બાર્બી ડોલ્સ દેખાઈ હતી ... પરંતુ તાજેતરમાં સુધી તે કલ્પના કરવી પણ મુશ્કેલ હતું કે લોકો ઢીંગલીની નકલ કરશે.

૧૯ વર્ષીય ડાકોટા રોઝને પ્રથમ વખત જોનારા તમામ લોકોએ સર્વસંમતિથી જાહેર કર્યું કે આ એક પુનર્જીવિત બાર્બી ડોલ છે. બાર્બી સાથે ડાકોટાની અદ્ભુત સામ્યતાએ તેણીને જાપાન અને ચીન જેવા દેશોમાં ખૂબ જ લોકપ્રિય બનાવી છે, જ્યાં છોકરી વારંવાર સમાચારોમાં દર્શાવવામાં આવી છે. જોકે ડાકોટાના મોટાભાગના ચાહકો તેને કોસ્પ્લેયર માને છે, છોકરી પોતે કહે છે કે તેણે ક્યારેય બાર્બીની નકલ કરવાનો પ્રયાસ કર્યો નથી. ૧૫ વર્ષની ઉંમરે, વેનેરા પાલેર્મો ડોલ્સ પ્રત્યે એટલી જ ઉત્સાહી છે જેટલી તે બાળપણમાં હતી. વિનસ એન્જેલિકના ઉપનામ હેઠળ, લંડનની એક કિશોરીએ તેના જેવા બનવા માંગતા ચાહકો માટે યુટ્યુબ ચેનલ ખોલી છે. તેણીની ચેનલ પર, વિનસ પોતાને કેવી રીતે જીવંત ઢીંગલી બનાવવી તેના રહસ્યો શેર કરે છે. મોડલ લિન કે ટોંગ, જેનો જન્મ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૮૮ ના રોજ થયો હતો, તેણે પહેલાથી જ તેના ઢીંગલી જેવા દેખાવથી ખૂબ લોકપ્રિયતા મેળવી છે. ચાઈનીઝ હાઈસ્કૂલની વિદ્યાર્થિની વાંગ જયુન કોરિયન ઈન્ટરનેટ પર પ્રખ્યાત થઈ ગઈ કારણ કે તે પોડમાં બે વટાણા જેવી ફૂલેલી ઢીંગલી જેવી દેખાય છે. વાંગ જ્યુન ૧૬૪ સેમી ઉંચી છે અને તેનું વજન ૪૨ કિલો છે. આ છોકરીનો જન્મ હોંગકોંગના કોવલૂનમાં થયો હતો અને હાલમાં તે ચીનના શેનઝેનમાં રહે છે. બાર્બી ડોલ્સ સામાન્ય રીતે નાની છોકરીઓને વ્યસની હોય છે. પરંતુ ચાર્લોટ હોટમેન, ૨૪, તેના ઢીંગલા સંગ્રહથી એટલી ઝનૂની હતી કે તેણે બાર્બી જેવા દેખાવા માટે પ્લાસ્ટિક સર્જરી પર $૧૦,૦૦૦ ખર્ચ્યા. ચાર્લોટને નાકની નોકરી મળી, તેના હોઠમાં કોલેજનનું ઈન્જેક્શન લગાવ્યું અને માનવ બાર્બીમાં પરિવર્તિત થવા માટે તેના વાળને સોનેરી રંગમાં રંગી દીધા. બાકીના પૈસા છોકરીએ આખરે ઈમેજને મેચ કરવા માટે પોશાક પહેરે પર ખર્ચ્યા. સાઉથ કોરિયન ગર્લ ગ્રુપ ગર્લ્સ જનરેશનની જેસિકાની વારંવાર ઢીંગલી સાથે સરખામણી કરવામાં આવી છે. જેસિકાનો એક ફોટો જે તાજેતરમાં ઈન્ટરનેટ પર સામે આવ્યો છે તે તેની ઢીંગલી સાથેની સામ્યતાને સંપૂર્ણ રીતે કેપ્ચર કરે છે.

હમણા જાપાનમાં ટોકો નામના એક વ્યકિત કે જે યુ ટ્યુબ કંપનીનો માલિક છે. તેણે શ્વાન જેવા દેખાવા ૨૦ લાખ યેન ફૂંકી માર્યા.કોલી નામની પ્રજાતિના શ્વાન જેવા દેખાવા ટોકોભાઇએ ઝેપેટ નામની કંપનીની સેવા લીધી હતી. આ કંપનીએ બાર લાખ ભારતીય રૂપિયામાં આ સોદો પાર પાડ્યો. આ કોસ્ચુંમ બનાવવામાં ૪૦ દિવસ લાગ્યા હતા.ટોકોએ પોતાની મહેચ્છા પૂર્ણ કરી!!

રાજુ રદી જેનું નામ. બસ વાત ન પૂછો. રાજુએ ગમે તેમ કરીને ઝેપેટનો નંબર મેળવ્યો. ઝેપેટને કહ્યું," બાય હુક ઓર બાય ક્રુક આઇ વોન્ટ હાલારી ડોક્રી કોસ્ચુંમ!!!"

મે આ સાંભળીને રાજુને કહ્યું," શું કામ કોસ્ચુંમ માટે પૈસા ખર્ચે છે, જે તું ઓલરેડી છે???

સાલ્લું રાજુ રદી હોંચી હોંચી કરવા લાગ્યો!!!!

ભરત વૈષ્ણવ.

-------------

થશે

થોડોઘણો ખળભળાટ થશે,
ઓછોવતો ગણગણાટ થશે.
ઘરની લાજ મર્યાદા ઉંબરો ,
ઓળંગે તો બડબડાટ થશે.
જેવું વાવશો તેવું જ પામશો,
ફૂલ વાવો તો મઘમઘાટ થશે.
મુફલિસને ઘરે અચાનક ધન,
વર્ષા થાય ચણચણાટ થશે.
સત્કર્મને કોઈની પરવા નહી,
ખરાબ કામમાં ફડફડાટ થશે.
સરસ્વતીની પૂરી મહેર થાય ,ભરત કવિતા સડસડાટ થશે.

ભરત વૈષ્ણવ

# -સંસ્કારની સુવાસ-

સોનલબેન:×અ...રે મૃણાલબેન,ખોટું ના લગાડશો, પણ પૂછ્યા વિના રહી શકતી નથી...વેવાણનાદીકરાની જાનમાં આવ્યાં છો,ને આ તમારી સુરાહીદાર ગરદન અને નાજુક નમણાં હાથ સૂના કેમ...?

ક્યાં ગયો તમારો Antic નવલખી હાર...??


અને ક્યાં ગયાં તમારાં રજવાડી કંગન...???×

મૃણાલબેન:(થોડે દૂર ઊભેલી પુત્રવધૂ તરફ ઈશારો કરી) ×એ રહ્યાં...સુરતથી મુંબઈ જાનમાં જવા માટેવહેલી સવારે નીકળ્યાં અને ઠેઠ અંધેરી આવ્યું ત્યારે અમારી રાજવી(પુત્રવધૂ)ને યાદ આવ્યું કે ઉતાવળમાંદાગીના પહેરવાનું તો ભૂલાઈ જ ગયું.

હવે આટલે દૂરથી ગાડી તો પાછી વળાય જ નહિ,એટલે મેં તે જ ક્ષણે મારો હાર અને કંગન ઉતારીને એનેપહેરવા દઈ દીધાં...

સોનલબેન:×પણ રાજવીએ તો તમને કોઈ દિવસ એક કપ કોફી પણ બનાવી નથી. તેમ છતાં...×

મૃણાલબેન:×એ એના 'સંસ્કાર' છે,પણ મારી રાજવીનો આ અવસરે 'Mood Off' થઈ જાય તો મારા'સંસ્કાર' લાજે...??



**દીનાઝ પટેલ (નવસારી)**

# અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજ્ય આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે પંખ અને વચન યોજનાનો શુભારંભ



અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજ્ય આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, બાળકોની લાગણી અને માંગણી સાથે સંસ્કારોનું સિંચન કરવાની જવાબદારી આંગણવાડીના શિરે છે.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ જિલ્લામાં યોજાયેલ એક કાર્યક્રમમાં ૨૫૧ આંગણવાડી કાર્યકર અને તેડાગરોને નિમણૂક પત્ર એનાયત કરવામા આવ્યા હતા.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આ કાર્યક્રમના માધ્યમથી અમદાવાદ જિલ્લાની મહિલાઓ અને બાળકોને આરોગયપ્રદ રાખવા અને કુપોષણને ડામવા પંખ (Providing Pads as perAdolescent Girl's need with Knowledge of Health) અને વચન (Vital Actions for Child Health and Nutrition)ની નવતર પહેલનો શુભારંભ કરાવ્યો હતો. તેમજ બાળકના સ્વાસ્થ્ય અને પોષણ માટે મહત્વપૂર્ણ યોજનાઓની માર્ગદર્શિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રીઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત અમદાવાદ જિલ્લા પંચાયતની ૨૪ જેટલી પૂરક યોજનાઓ સહાયક બની ઘર - ઘર સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે જે ખરેખર સરાહનીય છે. જિલ્લાનાં ૨૫૧ બહેનોને આપવામાં આવતા આ નિમણૂક પત્રો એ કેવળ નોકરી માટે નહિ પણ આ સેવાપત્રો છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, આંગણવાડીમા આવતા બાળકો કેટલાય ઘરોનું ભવિષ્ય છે. આ બાળકો પર હેત વરસાવવાનું મહત્વનું કાર્ય બહેનોએ કરવાનું છે. બહેનોના હૃદયની અંદર માતૃત્વનો ભાવ કુદરતે આપેલો છે તેથી આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભૂમિકામાં આવતા બહેનો અન્યના બાળકોને પોતાનુ બાળક સમજીને માં જેવો જ અનુભવ કરાવીને તેનુ જતન કરે તે માટે મંત્રી શ્રી એ અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રી એ વિશેષમાં જણાવ્યું કે, નરેન્દ્રભાઈએ પોતાના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન વર્ષ-૨૦૦૩-૦૪ માં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ શરૂ કરવામાં આવ્યો હતો. જે માટે અલગથી બજેટ ફાળવણીની પણ શરૂઆત કરવામાં આવી. આ વિભાગે મહિલાઓ,બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓ માટે અનેક યોજનાઓ થકી તેમનો સર્વાંગી વિકાસ કરવાનો ધ્યેય હાંસલ કર્યો.

મંત્રીશ્રીએ આંગણવાડી કાર્યકરો અને તેડાગરોને ગામમાં ૧૧ થી ૧૫ વર્ષની વયજૂથની કિશોરીઓને શારિરીક ફેરફારો અંગે પૂરી સમજણ આપી માનસિક રીતે સજ્જ કરવા તથા રક્તસ્રાવ દરમ્યાન સ્વચ્છતા અંગે જાગૃકતા ફેલાવવા અનુરોધ કર્યો હતો.

આંગણવાડીમાં આવતા બાળકોના પરિવારને મળીને તેઓના પરિવાર માટે પ્રધાનમંત્રી 'આયુષ્યમાન ભારત યોજના' હેઠળ કાર્ડ મળે તેવું આયોજન કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનીલભાઈ ધામેલિયા એ આ પ્રસંગે જણાવ્યું હતું કે જિલ્લા પંચાયત અને મહિલા બાળ વિકાસના સંયુકત ઉપક્રમે બહેનોના સ્વ વિકાસ માટે કાર્ય કરવામાં આવે છે. જેનાથી જિલ્લામાં કુપોષણનો દર ઘટશે અને એ માટે તમામ તાલુકાઓની શાળામાં આરોગ્ય વિભાગ દ્વારા કિશોરીઓનો સર્વે કરવામાં આવશે. અને જાગૃતિ અંગે સમજણ આપવામાં આવશે. કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ સાથે અમદાવાદ જિલ્લા પંચાયત ૨૪ જેટલી સહાયકીય યોજનાઓ જાહેર કરીને સમગ્ર રાજયમાં અગ્રેસર છે.

આ પ્રસંગે જીલ્લા પંચાયત અમદાવાદના ICDS શાખાના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી પારુલબેન નાયક, CDHO શ્રી શૈલેષભાઈ પરમાર. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નિયામક સુશ્રી ઈલાબા રાણા, સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, નાયબ જિલ્લા વિકાસ આધિકારી હૂસ્રી, યુવા નએ બાળ કલ્યાણ સમિતીના ચેરમેન શ્રીમતી રમીલાબેન પટેલ, અધિકારીઓ કર્મચારીઓ અને મોટી સંખ્યામાં જિલ્લામાથી આવેલા આંગણવાડીના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

મનિષા પ્રધાન/મિતેષ સોલંકી



ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS NO - 0037**

વિષય - આવડત અણ આવડત.
શીર્ષક -માનવનું સર્જન
વિભાગ - પદ્ય.

માનવ

ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન માનવ.
એકજ પિતાનાં સૌ સંતાન.
એક એકથી ચડિયાતી પ્રતિમાં.
અણઆવડતને અવકાશ નહીં.
જ્ઞાનનો મહાસાગર.....
આત્મ સ્વરૂપે પરમાતમાં બિરાજે.
હે,માનવ અંતર મનને ઝાંખ.
તું તારા દિવ્ય ચક્ષુ ખોલ.
કાયાને કંચન બનાવ.
સુષુપ્ત અવસ્થામાંથી નીકળ.
જાગ અને ખુદને જગાડ.
શક્તિઓનો ભંડાર તુજમાં.
તારી આવડત જ છે,
આંગળીનાં ટેરવે વિશ્વ રમે.
ધરા સાથે ચંદ્ર ઉપર ઘર કલ્પે.
આવડતથી જ માઈલોનાં,
અંતર સેકન્ડોમાં કાપ્યાં,
વિશ્વને રૂપે માનવનું સર્જન
અદ્દભૂત દિશે, જીવન ચક્ર.
હે,માનવ સમય પોકારે તુજ ને,
માનવ થઈ આવ્યો છો,
માનવ બની,
સૌના હૃદયમાં સ્થાન મેળવ.

હેમલતા દિવેચા " હેમ " ,જૂનાગઢ

---

**NOG SS No-106**

NOG-સાહિત્ય સરિતા ગ્રુપ
શબ્દઃ- ૨૯૦
વિષયઃ-'આવડત/અણઆવડત'
શીર્ષકઃ-
"MBA--(મને બધું આવડે)

"મને બધું આવડે"???!!
'કરતાં જાળ કરોળિયો ભોંય પડી પછડાય..
'આવડત' મહેનત/મજૂરી
"અણઆવડત"..ચાલશે ચાલતા હૈ.
'આવડત' એટલે લોકોને મૂર્ખ બનાવવાની કળા?
'જાતે' ક્યારે મૂરખ બનવું તેની કળા.
પોતાની જાતને "મહાન" સાબિત કરવાની કળા??
પોતાની જાત ઉપર કાબુ??
"આંખ આડા કાન કરવાની કળા??"
જે હોય તે--- પણ-

ડિગ્રીઓ આવડત છે?પોતાની હોશિયારીને જાણવી,તે હોશિયારી.
કોઈની નકલ કરવી એ આવડત છે??
'આવડત અણઆવડત'
- હકીકતમાં આવડત એટલે હુશિયારી(કુશળતા) અને અણઆવડત એટલે જે નથી આવડતું તે.
જિંદગીને હાસ્યાસ્પદ ન બનાવવી તે આવડત.
નવું શીખવાની ધગશથી અભ્યાસથી "આવડત" કેળવાય.

કોઈ પણ કાર્યને મનથી/ધ્યાનથી,હિમ્મતથી કરવાની પ્રક્રિયા એટલે જ આવડત.

જરૂર પડ્યે તલવાર ખેંચી ઝાંસીકી રાણી જેવી બની શકે! જરૂર પડ્યે માતા જિજાબાઈ જેમ"પ્રેમ ભર્યું હાલરડું" પણ ગાઈ શકે.

જન્મોજન્મના કર્મ પણ "આવડત" બનીને આવે છે.

સ્વર્ગીય સંગીતજ્ઞશ્રી ઓમકારનાથ ગાતા, "જોગી મત જા"..ની થાપ પડે ને રુંવાડાં ઊભાં થઈ જાય!

સ્વર્ગીય કથકનર્તક બીરજુ મહારાજ, તબલા નવાજ ઝાકીરહુસેનના પિતા ઉસ્તાદશ્રી અલ્લારખ્ખા ખાં'સાહેબ,

મારા પિતા - બે હાથથી ચિત્ર દોરતા!

કહેવાય છે કે, આવા ઉચ્ચના કલાકારો "યોગભ્રષ્ટ આત્માઓ".. અધૂરી સાધના પૂરી કરવા, ફરીથી જન્મ લે.

'આવડત' જન્મોજન્મની હોઈ શકે.જન્મ પછી થોડા સમયમાં જળકી ઊઠે!

થોડી માવજતમાં,વધુ લિજ્જત આપવા માંડે!! અનુભવ અભ્યાસ તમારી રજુઆત એ"આવડત" છે.દાળમાં નમક વધારે પડી ગયું!,ફરીથી સ્વાદિષ્ટ એક 'અભણ રસોઈઓ' કરી શકે છે. એણે દાળને સ્વાદિષ્ટ કેમ કરવા?થોથાં ઊથલાવવાં નથી પડતાં.

કલાકાર,કારીગર,રસોઈઓ પશુ,પ્રાણી સૌમાં આવડત હોય જ.

નવું શીખવાની ધગશથી, 'અભ્યાસથી મેળવેલી આવડત હોય છે.

વસ્તુ,વિષયને દુનિયા સામે,સરસ રીતે રજુ કરવાની કલા એટલે આવડત.

જુદાજુદા અભિનેતા/અભિનેત્રીઓ, સરસ તૈયાર થઈને,દુનિયા સામે પોતાના સુંદર દેખાવની રજુઆત કરે.

'એક નૂર આદમી હજાર નૂર કપડાં!!'

આજે તો "આવડત હોય કે ન હોય", દુનિયા સામે 'જાકજમાળ'થી રજુઆત કરો છો?મહત્વનું.

'phd'ની ડિગ્રી લીધેલાને વિષયનું ભાન ન હોય!! સાધારણ મજૂર,એ કામ બેસેકંડમાં કરી શકે!! પૈસાથી ખરીદેલી ડિગ્રીઓ "અણઆવડતને"છતી કરતી હોય છે...

---

**NOG SS No/0044**

વષયઃ- આવડત અણઆવડત
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- પસ્તાવો
શબ્દોઃ- ૨૪૯
નામઃ- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

રોહનની પત્ની રીમા, ડગલેને પગલે, કોઈ જાતની આવડત નથી એવું કહી પતિનું અપમાન કરે રાખતી. તમારી સાથે નોકરી કરતાંનો પરિવાર જુઓ કેવાં મોજશોખ કરે છે અને તમારાંથી એક ગાડી પણ નથી લેવાતી.સારું છે કે હજુ સંતાન નથી નહીં તો એ પણ બિચારા બાપડા સામાન્ય જિંદગી જ જીવતા હોત.

કાન, ખોલીને સાંભળી લો," આમ જ ચાલવાનું હોય તો મને છૂટાછેડા જોઈએ." ત્રાસેલા રોહને છૂટાછેડા આપી દીધાં અને રીમા એની જિંદગીમાંથી જતાં જ રાહતનો દમ લીધો.

એક દિવસ વિચાર આવ્યો કે આટલી ઈમાનદારીથી નોકરી કરું તે અણઆવડત કહેવાય તો આવી નોકરીનું શું કામ વિચારી છોડી દીધી નોકરી. સાંજના સમયે નદી કિનારે બેસી વિચારતો હતો હવે શું કરવું જોઈએ ત્યાં જ કોલેજમાં સાથે ભણતી સુધા આવી,થોડીવાર જોઈ રહી પછી ધીમે રહી પાસે આવી રોહનના ખભા પર હાથ મૂકતાં જ રોહને ચોંકીને જોયું તો સુધા. કોલેજ પત્યાં પછી ઘણા વર્ષે મળ્યાં ખૂબ વાતો કરી, એકબીજાનાં નંબર લીધાં.બીજે દિવસે ફરી મળવાનું નક્કી કરીને છૂટાં પડ્યાં.

ફરી મળ્યાં ત્યારે જાણ્યું કે બંને સમદુખિયા છે.બંનેએ સાથે મળીને કંઈક કરવાનું નક્કી કર્યું.ખૂબ વિચારને અંતે રોહને પોતાનો પત્રકારત્વના અનુભવનો ઉપયોગ કરીને પોતાનું છાપખાનું શરૂ કરીને છાપું પ્રસિધ્ધ કર્યું, નામ રાખ્યું, 'સુધારો.'

ઈમાનદારીથી, હિંમતપૂર્વક અંધારી આલમનાં કારનામા, ભ્રષ્ટાચારીઓનાં ભ્રષ્ટાચાર બહાર પાડ્યા.પત્રકાર આલમમાં જાંબાઝ પત્રકાર તરીકે ખ્યાતનામ થયો.સરકારશ્રીએ એની નોંધ લીધી અને સરકાર તરફથી રહેઠાણ માટે સરકારી બંગલો આપ્યો.

સુધા સાથે ધામધૂમથી લગ્ન કર્યાં. દરેક છાપામાં,ટી.વી.માં એની નોંધ લેવામાં આવી.આ સમાચાર વાંચીને રીમાને પારાવાર પસ્તાવો થયો કે જેને હું આવડત વગરનો કહેતી હતી એ તો 'ચીંથરે વિંટ્યું રતન નિકળ્યું.'

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

**N.O.G. S.S. No. 0102.**

નામ :- રતીલાલ વાયડા
વિષયઃ- આવડત અનઆવડત.
પ્રકારઃ-. ગદ્ય.( લેખ.)
શીર્ષકઃ- આવડત અનઆવડત.
રચનાઃ-

આવડત એટલે કોઈ પણ કામનો અનુભવ અને તે અંગેનું જ્ઞાન.જયારે અનઆવડતએટલેકોઈપણ પ્રકારનું કામ નો અનુભવ કે જ્ઞાનનો અભાવ ,અને તે વ્યક્તિ જો કોઈ કામ કરે તો તે કામ બરોબર હોતું નથી.

ઘણા બધા વ્યક્તિઓ હોય છે કે જેમાં કોઈ આવડત હોતી નથી પરંતુ મિથ્યાભિમાન કરી અને પોતે ખૂબ સારું જાણે છે તેવો ડોળ કરી અને જ્યારે કામ નો આદર કરે છે ત્યારે તે કામ બગાડી નાખે છે.

આવડત વાળા લોકો પોતે કોઇ પણ કામ ખૂબ સારી રીતે કરી શકે છે .એ જરૂરી નથી કે આવડત વાળા લોકો ભણેલા હોય .લોકોને કોઈ પણ કામનો સારો અનુભવતો હોય છે ,અને તે અનુભવને આધારે ખૂબ કામ સારી રીતે કરતા હોય છે .દાખલા તરીકે સારા રસોઈયા ખૂબ સ્વાદિષ્ટ રસોઈ બનાવે છે .તેઓ કોઈપણ ઠેકાણે ભણવા ગયા નથી હોતા પરંતુ તેમને કામનો ખૂબ અનુભવ હોય છે .કેટલીક અઘરી મીઠાઈઓ જેમકે મેસૂબ ,માલપુવા ઘેવર ,જેવી મીઠાઈ બનાવી અઘરી છે પરંતુ તેઓ સારી રીતે કરી શકે છે.

ઘણા બધા આવડતવાળા લોકો શિક્ષિત અને અનુભવી હોતા હોય છે તેઓએ કામની ખુબ તાલીમ લીધેલી હોય છે.

એન્જીનીયરો અને કારીગરો મોટા મોટા કારખાનાઓ ચલાવી અને તેનું ઉત્પાદન લે છે. ડોક્ટર સારી દવાઓ આપે છે તેમજ ઓપરેશન કરી અને માનવીને નવું જીવન આપે છે.

આજે માનવીએ ખૂબ વૈજ્ઞાનિક પ્રગતિ કરી છે માનવી ચંદ્ર અને મંગળ સુધી પહોંચ્યો છે અનેક પ્રકારના ઉત્પાદનો કરે છે રેલવે ,તાર-ટપાલ ,ટેલિફોન, વગેરેમાં કુશળ કારીગરી અને આવડત માંગી લેતું કામ છે અને આ કામ લોકો ખૂબ સારી રીતે નિભાવી અને ખૂબ મોટા તંત્રને ચાલુ રાખે છે.

દુનિયાનો કોઈ પણ કામ નાનું હોય કે મોટું હોય પરંતુ વ્યક્તિમાં કેટલીક ખાસ વિશેષ અને કુદરતે બક્ષેલી આવડત હોય છે.

લતા મંગેશકર પોતાના ગીત દ્વારા , બિસ્મિલ્લા ખાન શરણાઈ , અભિનેતાઓ પોતાના અભિનય દ્વારા લાખો લોકોને મનોરંજન કરાવે છે આ તેની વિશેષ આવડત કહેવાય.

આજના જમાનામાં વિજ્ઞાને ખૂબ વિકાસ કર્યો છે. અને મોટાભાગના કામ યંત્રો દ્વારા કરવામાં આવે છે ,એટલું જ નહીં પણ આમાં પણ નવું નવું સંશોધન થાય છે. અત્યારે રોબોટો ઘણું બધું માનવ જેવો જ કામ કરે છે . જે કામ ઘણું જોખમી હોય તેવું કામ પણ રોબોટો દ્વારા લેવામાં આવે છે અને માનવજીવનને સુરક્ષા પ્રદાન કરે છે.

આમ આવડતવાળા લોકો પોતાનું જીવન ખૂબ સારી રીતે જીવતા હોય છે જ્યારે અનઆવડત વાળા લોકો પોતાનું જીવન અણઘડ રીતે જીવતા હોય છે.

રતીલાલ વાયડા,નવી મુંબઈ,

# ધોરણ ૧૦નુ પરિણામ જૂનમાં ૧૫ જૂનથી ૧૮ જૂન વચ્ચે આવે તેવી સંભાવના

ગાંધીનગર,તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ટૂંક સમયમાં જીએસઇબી-એસએસસી પરિણામ ૨૦૨૨ જાહેર કરશે. બોર્ડની સત્તાવાર વેબસાઇટ પર જીએસઇબી-એસએસસી પરિણામની તારીખ અને સમયની જાહેરાત કરવામાં આવશે. જ્યારે અધિકારીઓએ હજી સુધી ધો.૧૦ના પરિણામની કોઈ તારીખ શેર કરી નથી. જુદા જુદા અહેવાલો સૂચવે છે કે પરિણામ જૂનના ત્રીજા સપ્તાહમાં આવે તેવી શક્યતા છે. ધોરણ ૧૦નુ પરિણામ જૂનમાં ૧૫ જૂનથી ૧૮ જૂન વચ્ચે આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડની જૂન ૨૦૨૨માં પરિણામ જાહેર થાય તેવી સંભાવના છે. બોર્ડે એચએસસી અને એસએસસીનું પરિણામ જાહેર કરવા માટે કોઈ તારીખ કે સમય જાહેર કર્યો નથી. મહત્વનું છે કે ધોરણ ૧૨ કોમર્સ અને આર્ટ્સ પ્રવાહના વિદ્યાર્થીઓ પણ પરિણામની રાહ જોઈ રહ્યા છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૨મી મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું.

# મહિલા અને બાળ કલ્યાણ પ્રવૃત્તિ સમિતિના સ્વ ભંડોળ અંતર્ગત અમદાવાદ જીલ્લાની પંખ અને વચન ; યોજનાનો શુભારંભ

અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિકાસલક્ષી યોજનાઓને પૂરક અન્ય ૨૪ જેટલી સહયકીય યોજનાઓ પર કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત ICDS શાખા દ્વારા જિલ્લાની દિકરીઓ,કિશોરીઓ, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ માટે 'પંખ' અને 'વચન' યોજનાઓનો આજથી શુભારંભ કરવામાં આવ્યો છે. આ બંને યોજનાઓ કઈ રીતે કાર્યરત થશે એ વિશે આવો જાણીએ શું છે આ બંને યોજનાઓનો હેતુઃ-

(૧) વચન યોજના

આ યોજનાનો ઉદેશ બાળકોના સર્વાંગી વિકાસમાં સહાયરૂપ થવા , બાળકોમાં કુપોષણનો દર ઘટાડવા ,

કુપોષણમાંથી બાળકોને બહાર લાવવા, બાળકને જીવન ઘડતરનો પાયો બાલ્ય અવસ્થામાં જ આરોગ્યને સુપોષિત બનાવવાનો છે.અમદાવાદ જિલ્લામાં કુપોષણનો દર NFSH-5 મુજબ ૩૪.૦ છે. જિલ્લામાં કુપોષણનુ ધોરણ સુધારવા માટે સઘન પ્રયાસોની જરૂરિયાતને જોતા ૦ થી ૬ વર્ષના બાળકોના સ્વાસ્થ્ય તથા પોષણ માટે જરૂરી પગલાં સાથેનો એકશન પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.જેમાં આ બાળકોમાં કુપોષણના કારણને જાણીને તેનું નિરાકરણ લાવવાનો અભિગમ હાથ ધરવામાં આવેલ છે. કુપોષણના કારણે જાણવા અને બાળ નિષ્ણાતોની મદદ લઈ બાળકોનો સર્વાંગી ચેકઅપ હાથ ધરવામાં આવશે તથા તેઓની ન્યુટ્રીશનની સલાહ મુજબ આહાર આપવાની પહેલ અમદાવાદ જિલ્લામાં વચન અંતર્ગત કરવામાં આવશે. આ યોજનાનું અમલીકરણ અમદાવાદ જિલ્લામાં દરેક કુપોષિત અને અતિ કુપોષિત બાળકોને ઘટકના આંગણવાડી વર્કર દ્વારા તાલુકા કક્ષાએ એક કેમ્પ યોજવામાં આવશે. જેમાં બાળકોના નિષ્ણાત તબીબો દ્વારા તે બાળકોની તપાસ કરવા અંગેની બાબતનો આઈસીડીએસ શાખા અને આરોગ્ય શાખા દ્વારા સંયુક્ત રીતે આયોજન કરવામાં આવશે. જેમ કે બાળકોને લઈ જવા -લાવવા તથા પોષણ સંબંધી પગલાં લેવામાં આવશે. જરૂરિયાતમંદ બાળકોને જરૂરી મેડિકલ ટ્રીટમેન્ટ રિપોર્ટ જેવી વગેરે સેવાઓ પૂરી પાડવામાં આવશે. આરોગ્યની વર્તમાન સમસ્યાઓનું સમાધાન કરવામાં આવશે. આરોગ્ય શાખામાં સમાવેશ ન હોય તેવી મેડિસિન્સ અને લેબોરેટરી ખર્ચની જોગવાઈનું પણ આયોજન

કરવામાં આવ્યું છે. વાર્ષિક દર અંદાજીત સરેરાશ બે હજાર જેટલા બાળકોને આવરી લેવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટમાં રૂપિયા ૨૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

(૨) પંખ યોજના

આ યોજનાનો મુખ્ય ઉદેશ માસિક સ્રાવના શરૂઆતના તબક્કાથી જ સ્વસ્થ અને સ્વચ્છતાની આદત કેળવવાનો

છે.માસિક ધર્મ એ સામાન્ય અને કુદરતી પ્રક્રિયા છે. માસિક ધર્મ એ સ્ત્રીના જીવનનો એ ભાગ છે. તેમાં શરમ સંકોચ કે મુંજવણ અનુભવ્યા વગર સેનેટરી નેપકિન નો ઉપયોગ કરી અંગત સ્વચ્છતા અંગે કિશોરીઓમા આરોગ્ય સંબંધિત સારી ટેવ કેળવવા જીલ્લાના નવ તાલુકાના 12. ICDS ઘટકોમાં ૧૧ થી ૧૫ વર્ષની વયજુથની તમામ કિશોરીઓને આ યોજનામાં આવરી લેવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. જીલ્લાની ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા મહિલાઓ અને કિશોરીઓ સેનેટરી નેપકીન ઉપયોગ અંગે જાગૃતતા કેળવે અને તેઓ ઓછા દરે અને સરળ રીતે સેનેટરી નેપકીન જનઔષધ કેન્દ્રમાંથી (તમામ તાલુકાઓમાં) મળી રહે તે અંગેની સમજ આપવામાં આવશે. અને સેનેટરી નેપકીન ના ઉપયોગ નો પ્રચાર પ્રસાર કરી આરોગ્યલક્ષી બાબતો માટે જાગૃતતા લાવી શકાય તેની કરીને તેનો જથ્થો આપવાથી સેનેટરી નેપકીન ઉપયોગ કરવાથી કિશોરીના આરોગ્ય અને સ્વાસ્થ્યની કાળજી લેવામાં આવશે. જીલ્લાના આંગણવાડી કેન્દ્રો ખાતે નોંધાયેલ ૧૧ થી ૧૫ વર્ષની કિશોરીઓને માસિક સ્રાવના શરૂઆત વિશે માર્ગદર્શન અને પરામર્શ કરવામાં આવશે અને સેનેટરી નેપકીન વિતરણ કરવામાં આવશે. સેનેટરી નેપકીન નાશ કરવા માટે મશીનો મુકવા તેમજ સુરક્ષિત નિકાલની વ્યવસ્થા કરવામાં આવશે. શાળાએ જતી કિશોરી માટે શાળાના વર્ગ શિક્ષકને સેનેટરી નેપકીનનો જથ્થો આપવામાં આવશે અને વયજૂથમા આવતી કિશોરીઓને તેનું વિતરણ કરવામાં આવશે. શાળાએ ન જતી કિશોરીઓ માટે આંગણવાડી કેન્દ્રો ખાતેથી સેનેટરી નેપકિન ઉપલબ્ધ થશે. ઘટક કક્ષાએથી બાળ વિકાસ યોજના અધિકારી શ્રી દ્વારા જનઔષધ કેન્દ્રમાંથી તેની ખરીદી કરવામાં આવશે. અમદાવાદ જીલ્લાની અંદાજીત ૧૬ હજાર કિશોરીઓને વાર્ષિક ૧૮૦ નંગ સેનેટરી પેડ આપવાનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ છે. આ અંગે વર્ષ ૨૦૨૨-૨૩ માં ૩૫ લાખની બજેટની જોગવાઈ કરવામાં આવેલ છે.

- મનીષા પ્રધાન



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે આઠ વર્ષ પૂર્ણ કર્યા એ દરમ્યાન સનાતન ધર્મની મજબૂતી માટે, સારું કામ કરવા બદલ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના મહંત સદ્‌ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાનશ્રીને પ્રસાદ અને મોરપીંછનો હાર પહેરાવીને અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે સં. શિ. શ્રી સહજાનંદચરણદાસજી સ્વામી અને પૂર્વ પ્રિન્સિપાલ શ્રી ડી. ડી. વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા.

## દેશના દરેક રાજ્યોના દરેક પોલીસ સ્ટેશનમાં પશુ કલ્યાણની જાણકારી ધરાવતા ઓફિસરની નિમણૂક કરવા મિતલ ખેતાણીની રજૂઆત

ટઅબોલ પશુઓની ગેરકાયદેસર હત્યાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે ત્યારે પશુ કલ્યાણ અંગે તેમજ તેના કાયદાઓ વિષે અધિકારીઓને પૂરતું જ્ઞાન ન હોવાથી ફરિયાદોનો નિકાલ થઈ શકતો નથી. જેથી અબોલ જીવોની હત્યાનાં કિસ્સાઓમાં વધારો થાય છે. ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના મીડિયા ટીમના મેમ્બર મિતલ ખેતાણી દ્વારા દેશના દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓને દરેક પોલીસ સ્ટેશનમાં પશુ કલ્યાણની જાણકારી ધરાવતા ઓફિસરની નિમણૂક કરવા રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં જણાવામાં આવ્યું છે કે જો દરેક પોલીસ સ્ટેશનમાં પશુ કલ્યાણ અધિકારીની નિમણૂક કરવામાં આવે તો અબોલ જીવોની ગેરકાયદેસર હત્યાના કિસ્સા પર વધુ ધ્યાન આપવામાં આવશે, જેથી તેમાં ઘટાડો થશે. ઉપરાંતમાં લોકો સરળતાથી આ અંગેની ફરિયાદો નોંધાવી શકશે તેમજ તેના પર ચાલતી કાર્યવાહી અંગે પણ વિગતવાર માહિતી મેળવી શકશે.

### સ્વર્ણિમે ફેકલ્ટી-સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ“સ્વર્ણિમ ઈ-રાઈડ ” નું અનાવરણ કર્યું

# સ્વર્ણિમ સ્ટાર્ટ અપ અને ઇનોવેશન યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ૧૧૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી

અમદાવાદ ૨ જૂન ૨૦૨૨:

સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપનારી ભારતની સર્વ પ્રથમ યુનિવર્સિટી અને નોલેજ હબ, સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન યુનિવર્સિટી, જેમાં ટેક્નોલોજી, ડિઝાઈન, સાયન્સ, બિઝનેસ અને મેનેજમેન્ટ, હેલ્થ સાયન્સ અને એગ્રીકલ્ચર જેવી શાખાઓના અભ્યાસ ક્રમ સાથે વિદ્યાર્થીઓને ઈનોવેશન, સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રેન્યોરશિપ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. યુનિવર્સિટીએ તેના ત્રીજા પદવીદાન સમારોહનું આયોજન કર્યું હતું. તેમાં કુલ ૧૧૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી સાથે યુનિવર્સિટી ટોપર અને ચાર ઈન્સ્ટિટ્યૂટ ટોપર્સને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. પદવીદાન સમારોહમાં સ્ટાર્ટ અપ અને સંશોધન માટે વિવિધ કેટેગરી જેમકે ‘બેસ્ટ ફેકલ્ટી એવોર્ડ ફૉર સ્ટાર્ટઅપ’, ‘બેસ્ટ ફેકલ્ટી એવોર્ડ ફૉર રિસર્ચ પ્રોજેક્ટ’ અને ‘બેસ્ટ ફેકલ્ટી એવોર્ડ ફૉર રિસર્ચ પબ્લિકેશન’ ની શ્રેણી હેઠળ ગોલ્ડ મેડલ આપનારી સ્વર્ણિમ એ પ્રથમ યુનિવર્સિટી છે.



સ્વર્ણિમ યુનિવર્સિટીના પદવીદાન સમારોહની સાથે ફેકલ્ટી-સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ “સ્વર્ણિમ ઈ-રાઈડ ” નું અનાવરણ વિશિષ્ટ અતિથિ ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, નામાંકિત એક્ટર શ્રી રણવિજય સિંઘા, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના સ્થાપક અને પ્રેસિડેન્ટ શ્રી ઋષભ જૈન, અને વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આદિ જૈનની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

પદવીદાન સમારોહના અવસરે વિચારોને વ્યકત કરતા સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના સ્થાપક અને પ્રેસિડેન્ટ શ્રી ઋષભ જૈને જણાવ્યું હતું કે, “સ્વર્ણિમ યુનિવર્સિટીમાં, અમે અમારા વિદ્યાર્થીઓને આઉટ ઓફ બોક્સ વિચાર કરવા અને સર્જનાત્મક સમસ્યા ઉકેલવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. અમે માનીએ છીએ કે વર્તમાન અને ભાવિ પેઢીઓની પ્રગતિ અને સુખાકારી માટે અમે અમારા વિદ્યાર્થીઓને યોગ્ય જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરીએ છીએ, જે તેમની દ્રઢતા, સખત મહેનત અને અન્યો પ્રત્યેની સહાનુભૂતિ સાથે મળીને તેમને તેમના જીવનના ઉદ્દેશ્ય અને સપનાઓને પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે.×

ગુજરાત સરકારના શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીના કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ત્રીજા ડિગ્રી કોન્વોકેશનના અવસરે શુભેચ્છા પાઠવી હતી.વિદ્યાર્થીઓ સાથેના વાર્તલાપમાં જાણીતા એક્ટર અને યુથ આઈકોન શ્રી રણવિજય સિંઘાએ જણાવ્યું કે × ભારતમાં યંગ ઈનોવેટિવ માઈન્ડની ખુબ જરૂર છે જે ભારતના ભાવિને એક નવી દિશામાં દોરી જાય. આજે મને ગર્વ છે કે હું સ્વર્ણિમ સ્ટાર્ટ અપ ઍન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના યંગ ઈનોવેટીવ વિદ્યાર્થીઓના પદવીદાન સમારોહના સાક્ષી બનવા મળ્યું છે. સ્ટાર્ટઅપ્સને હવે ઉપલબ્ધ સંસાધનો પર આધાર રાખવાની જરૂર નથી, પરંતુ સ્વર્ણિમ જેવી યુનિવર્સિટીની મદદથી તેઓ વધુ સારી સફળતા માટે નવીનતા લાવી શકે છે.”

ડિગ્રી કોન્વોકેશનના અવસર પર સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ ફેકલ્ટી-સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ “સ્વર્ણિમ ઈ-રાઈડ ” અંતર્ગત ઈ-સાયકલનુ અનાવરણ કર્યું હતું. પ્રો. જિતેન્દ્ર પ્રજાપતિ અને ડૉ. ગુંજન યાદવ દ્વારા વિકસાવવામાં આવેલી ઈ-બાઈક એન્વાર્યમેન્ટ સસ્ટેનેબિલિટી અને સમાજને આર્થિક લાભનું કારણ બનશે અને પરિવહન માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. ઈ-સાયકલના વિકસિત પ્રોટોટાઈપ ૨ થી ૨:૩૦ કલાકના અંદાજિત ચાર્જિંગ સમય સાથે સંપૂર્ણ ચાર્જમાં ૩૦ કિમી સુધીની મુસાફરી કરી શકે છે. ઈ-સાયકલ ની મહત્તમ ગતિ ક્ષમતા ૩૫ કિમી/કલાક છે, અને તે હાઈબ્રિડ મોડમાં પેડલ સાથે અને વગર કામ કરે છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી સમુદાયની સેવા કરવા માટે પ્રતિબદ્ધ છે અને ગુજરાત સરકાર સાથે અનેક પહેલો માટે ઘણા એમઓયુ કર્યા છે. સ્વર્ણિમ ઉદ્યોગસાહસિકો બનાવવા સાથે તેના વિદ્યાર્થીઓને ટોચની સંસ્થાઓમાં કેમ્પસ પ્લેસમેન્ટ આપવામાં આવ્યું છે. મેન્ટરશિપ, ફંડિંગ, કો-વર્કિંગ સ્પેસ, પેટન્ટ સપોર્ટ, લીગલ સપોર્ટ, રિસર્ચ અને લેબ ફેસિલિટી, માર્કેટિંગ અને બ્રાન્ડિંગ સપોર્ટ આપીને સ્ટાર્ટઅપને ગુણાત્મક રીતે પ્રોત્સાહન પણ આપે છે . ડિગ્રી કોન્વોકેશનમાં સ્વર્ણિમના નૂતન સ્નાતકોના નિશ્ચય અને સખત પરિશ્રમ, નવી શક્યતાઓ હાંસલ કરવા માટે તેમના દ્વારા પ્રદર્શિત સતત ધૈર્ય અને સમર્પણને બિરદાવ્યું હતું. ડિગ્રી કોન્વોકેશનના અંતે સ્વર્ણિમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ નૈતિકતા સાથે સમાધાન કર્યા વિના સમાજ અને રાષ્ટ્રની પ્રગતિ માટે કટીબદ્ધ બનવાના શપથ લીધા હતા.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં કામ કરતા ૧૫૦ આદિવાસી લોકોને બરતરફ, કર્મચારીઓમાં રોષ

કેવડિયા,તા.૨

ભાજપ આદિવાસી મતદારોને આકર્ષવા સતત પ્રયાસ કરી રહ્યું છે. તેમના અંતર્ગત તાજેતરમાં જ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા નર્મદામાં વન ડે વન જીલ્લાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો, પરંતુ શું ભાજપને માત્ર આદિવાસીઓના મત જોઈએ છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિસ્તારમાં કામ કરતા સ્થાનિક ૧૫૦ આદિવાસીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

હકીકતમાં, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આસપાસના વિસ્તારની સફાઈ માટે ખાણગી એજન્સીએ ૧૫૦ સ્થાનિક લોકોને કામે રાખ્યા હતા. જેના કારણે ગરીબ લોકો પોતાનું જીવન ગુજારતા હતા, પરંતુ હવે વહીવટીતંત્ર અહીં સફાઈ માટે મશીનો લાવી રહ્યું છે અને તેનો કોન્ટ્રાકટ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવ્યો છે. આથી હવે ખાંગી એજન્સીએ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. જેના કારણે આ લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

## નવોદિત લેખિકા ભૂમિકા વિરાણીના પુસ્તક ‘અંતરમનનો આસ્વાદ’નું વિમોચન સંપન્ન




રવિવાર તા.૨૯ મે ના રોજ અમદાવાદના પ્રહલાદનગર ગાર્ડન નજીક આવેલ રીધમ સ્ટુડીઓ ખાતે નવોદિત લેખિકા ભૂમિકા વિરાણીના પુસ્તક ‘અંતરમનનો આસ્વાદ’નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતી બુક કલબ ના પ્રમુખ શ્રી સ્નેહલ પટેલ, ઉપપ્રમુખ શ્રીમતી નૃતિ શાહ અને પ્રોજેક્ટ મેનેજર શ્રી દેવાંગ શાહ , જાણીતા કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી, સંદીપ પુજારા, યોગેશ ભટ્ટ, સી.એ.અંજલી ચોકસી, નવીન સાધુ, અજયભાઈ ભીમાણી, નમ્રતાબેન શોધન જેવા મહાનુભાવો એ ઉપસ્થિત રહી પુસ્તકનું વિમોચન કર્યું હતું.

આ અવસર પર ભૂમિકા વિરાણીના પતિ શ્રી મનીષભાઈ વિરાણી એ તમામ મહાનુભાવોને હર્ષભેરઆવકાર્યા હતા.

ગુજરાતી બુક કલબ અને કર્મા ફાઉન્ડેશન બંને સંસ્થાઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી ગુજરાતી ભાષાનો વધુ ને વધુ ફેલાવો થાય તે દિશામાં અનેક નક્કર કામો કરેલ છે, અને આજે પણ નવોદિત કવિ-લેખકો,ગીતકારોને મંચ મળે તે માટે સતત પ્રત્યનશીલ હોય છે. આ સમગ્ર કાર્યક્રમ ફેસબુકના માધ્યમથી લાઈવ કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં ગુજરાતી ભાષાના ભાવકો જોડાયા હતા. આ સુંદર મજાના અવસરને ઉપસ્થિત ગાયક કેયા પાટીલ, કૌશલ પીઠડીયા તથા વિશ્રાંતિ વૈષ્ણવે ચાર ચાંદ લગાવી દીધા હતા. ભૂમિકા વિરાણી ‘ભૂમિત’ લિખિત ગીતને તેમણે પોતાના સુમધુર કંઠે ગાયું ત્યારે ઉપસ્થિત શ્રોતાઓ ઝૂમી ઉઠયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું શ્રીમતી રીમાબેન શાહ દ્વારા સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું.

## નેપાળની વિમાન દુર્ઘટના તેમજ સેંદરડા અને ભરુચ ખાતે આકસ્મિક ઘટનાઓમાં માર્યા ગયેલા લોકોને મોરારિબાપુની સહાય



થોડા દિવસો પહેલા નેપાળના જોમસમ વિસ્તારમાં એક ખાનગી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિમાનમાં ચાલકદલ અને મુસાફરો સહિત કુલ ૨૨ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. આ પૈકી બે મુસાફરો જર્મનીના છે તેની વિગતો મળી શકી નથી જયારે ૪ ભારતીય સહિતના ૨૦ લોકોને બાપુ દ્વારા સંવેદના રુપે પ્રત્યેક મૃતકના પરિવારને રૂપિયા પાંચ હજાર લેખે એક લાખ ની સહાય પહોંચાડવામાં આવી રહી છે.

એ જ પ્રમાણે મહુવા તાલુકાના કોટડા ગામે એક જ પરિવારના ચાર વ્યક્તિઓના ડૂબી જવાથી મૃત્યુ થયા છે તેમના પરિવારજનોને પણ રુપિયા ૨૦ હજારની રોકડ સહાય મોકલાઈ છે. યોગાનુયોગ એ જ દિવસે ભરૂચ નજીકના એક ગામમાં પણ પાંચ વ્યક્તિઓનું નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું તેમના પરિવારજનોને પણ રૂપિયા ૨૫ હજારની સહાય પહોંચતી કરવામાં આવેલ છે. આમ કુલ મળીને રુપિયા એક લાખ પિસ્તાલીસ હજારની સહાય મોરારિબાપુએ મોકલાવેલ છે. તમામ મૃતકો ના નિર્વાણ માટે પૂજ્ય બાપુએ શ્રી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરેલ છે અને તેમના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરેલ છે.

## રાજ્ય કાક્ષાના ખેલ મહાકુંભમાં ડાંગ જિલ્લાએ બે ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યાં

આહવા :તા : ૨:

તાજેતરમા આયોજિત થયેલી રાજય કક્ષાની ખેલ મહાકુંભ ની જુદી જુદી સ્પર્ધામા ડાંગ જિલ્લાની ૩ શાળાઓએ ઉત્કૃસ્ટ દેખાવ કરીને, ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યુ છે. બીલીઆંબા, ગોંડલવિહીર અને જામનવિહિર પ્રાથમિક શાળા, તથા સ.મા.શાળાના ભાઈઓ અને બહેનોની ટીમે અનુક્રમે અંડર-૧૪, અંડર-૧૭, અંડર-૧૪મા ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ બીલીઆંબા પ્રાથમિક શાળા અને સ.મા.શાળાના બાળકોએ અમરેલી ખાતે યોજાયેલી ખો-ખો ( ભાઈઓ અને બહેનો ) સ્પર્ધામા ભાગ લિધો હતો. તેમાં ડાંગ જિલ્લાની ભાઈઓ ની ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. સમગ્ર ગુજરાત રાજયના ચાર ઝોનથી પ્રમાણે ઝોન કક્ષાએથી વિજેતા થયેલી બે ટીમો, એમ કરીને કુલ આઠ ટીમોએ રાજયકક્ષાની આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ડાંગ જિલ્લાની ખો-ખો રમતમા ભાઈઓએ સતત ચોથા વર્ષે રાજ્ય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી શાળાનુ નામ રોશન કર્યું હતું. કોચ રસિક પટેલ તથા વિમલ ગાવિત અને શાળા પરિવારે બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. બીલીઆંબા સરકારી માધ્યમિક શાળા અને ગાઢવી સરકારી માધ્યમિક શાળાના બાળકોએ અંડર-૧૭ ખો-ખો કે જે રમત ગમત સંકુલ લિંમડી જી. સુરેન્દ્રનગર ખાતે યોજવામાં આવી હતી તેમાં ડાંગ જિલ્લાની ભાઈઓ ની ટીમે ફાઈનલ મેચ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. ડાંગ જિલ્લાની ટીમ માં સરકારી માધ્યમિક શાળા બીલીઆંબાના ૮ ખેલાડીઓ જ્યારે સરકારી માધ્યમિક શાળા ગઢવી ના ૪ ખેલાડીઓની પસંદગી થઈ હતી. આ ટીમે ફાઈનલમા સુરત ગ્રામ્ય ની ટીમને હાર આપી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. બાળકોની આ સિદ્ધિ બદલ સરકારી માધ્યમિક શાળા બીલીઆંબાના શ્રી રાજેશ ગામીત તથા ગાઢવી ના શ્રી રવિન્દ્ર ખૈરડે બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. ડાંગ જિલ્લાની બહેનોની ટીમમા પ્રાથમિક શાળાના ૫ ખેલાડી, બીલીઆંબાના પ્રાથમિક શાળાના ૪ ખેલાડી, અને જામનવિહીર પ્રાથમિક શાળાના ૩ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ ખેલાડીઓએ સિલ્વર મેડલ અપાવી જિલ્લાનુ નામ રોશન કર્યું છે. પ્રાથમિક શાળાની ભાઈઓ અને બહેનો ની ટીમને ગોલ્ડ તથા સિલ્વર મેડલ મળતા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એમ.સી.ભુસારા, તથા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી નરેન્દ્રભાઈ ઠાકરે, અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતી નીલમબેને તથા રમતગમત અધિકારીએ બાળકોની આ સિદ્ધિ બદલ પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા. નરેન્દ્ર પવાર,ડાંગ

## ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં અશ્લીલ કાર્યક્રમો પર રેગ્યુલશેન લાવવા મિતલ ખેતાણી દ્વારા રજૂઆત

ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમન આવ્યું હોવા છતાં હજુ ગંદી ગાળો,અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરુચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિરુદ્ધના દ્રશ્યો વિ. સતત દર્શાવવાંમાં આવે છે. આ મુદ્દો ધ્યાનમાં આવતા યુવા સેવાભાવી અગ્રણી મિતલ ખેતાણી દ્વારા પ્રધાનમંત્રી કાર્યાલયમાં રજૂઆત કરાઇ તેમજ આ અંગે આરટીઆઇ પણ કરવામાં આવી છે.

આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસાર થતાં અમુક કાર્યક્રમો માતા-પુત્ર, સસરા-વહુ, દિયર-ભાભી, શિક્ષક-વિદ્યાર્થીના પવિત્ર સંબંધને વ્યભિચારના સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ છે. આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યક્તિના માનસ પર વિકૃત અસર થાય છે.

ઓટીટી પર પ્રસારિત થતાં કાર્યક્રમની નવી ગાઈડલાઈનમાં ગંદી ગાળો અને અશ્લીલતાઓને શબ્દશઃ મંજૂરી આપવામાં આવી છે,જે ચિંતાનો વિષય છે. ઓટીટીનાં કારણોસર દેશમાં હિંસા, વ્યભિચાર, નારી હિંસા, ઘરેલુ હિંસા, યૌન શોષણ, તલાક જેવા કિસ્સાઓમાં વધારો થયો છે. જ્યાં નારીને પૂજવાની વાત કરવામાં આવે છે ત્યાં વ્યભિચાર દર્શાવીને તેનું ઓટીટી દ્વારા અપમાન કરવામાં આવે છે. જે રેગ્યુલેશન ટીવી ચેનલો પર લાગુ પડે છે તે જ ‘કોડ ઑફ એથિક્સ’નાં સ્વરૂપમાં જનરલ પ્રિન્સિપલ તરીકે ઓટીટી પ્લેટફોર્મ પર લાગુ પાડવાનું અનુરોધ કરવામાં આવ્યો છે. ટીવી ચેનલ માટે ‘કેબલ ટેલિવિઝન નેટવર્ક,૧૯૯૫ની ધારા ૬માં તેમને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનાં નિયમોમાં ઓટીટીને લગતી ગાઈડલાઈન અને નિયમોને સમાવિષ્ટ કરવા અનુરોધ કરાયો છે.

ઓટીટી પ્લેટફોર્મ પરથી અશ્લીલતા અને નગ્નતાને દૂર કરવાની રજૂઆત કરવામાં આવી છે આ અંગે નજીકના સમયમાં કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો જાહેર હિતની અરજી કરીને કાનૂની લડત પણ આપવામાં આવશે તેવું મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)ની યાદીમાં જણાવાયું છે.

## ડીસા માં દુશ્કર્મ મામલો ૧૫ વર્ષની મૂક બધિર દીકરી પર બે વાર દુષ્કર્મ આચરી ગભર્વતી બનાવી.

બનાસકાંઠા સમાચાર

રિપોર્ટ : દીલીપ ગોહીલ

ડીસા સાંઈબાબાના મંદિરના ઓટલા ઉપરથી ૧૫ વર્ષની બોલી ન શકતી સગીરા તેના પેટમાં છ માસના ગર્ભ સાથે મળી આવી છે. તેની સાથે રહેલી માતાને એ ખબર નથી કે, પોતાની પુત્રી સાથે આ કુકર્મ કોણે ગુજાર્યું. એ તો માત્ર એટલું જણાવી રહી છે કે, ધાનેરામાં હતા ત્યારે અજાણ્યો શખ્સ બે વખત તેની પુત્રીને ઉઠાવી ગયો હતો અને પાછો મૂકી ગયો હતો. બંને માતા-પુત્રીને ડીસાના હિંદુ સંગઠન દ્વારા પાલનપુર સખી વન સ્ટોપ સેન્ટર માં ખસેડવામાં આવી છે. અને હવે વહીવટી તંત્ર દ્વારા આ મૂક દીકરી ઉપર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવનાર શખ્સને શોધવા માટેના પ્રયત્નો હાથ ધરાયા છે. બનાસકાંઠા જિલ્લામાં સભ્ય સમાજમાં ધૃણાસ્પદ કિસ્સો પુનઃ બહાર આવવા પામ્યો છે. આ અંગે ડીસાના હિંદુ યુવા સંગઠનના પ્રમુખ નીતિનભાઈ સોની જણાવ્યું કે, સાંઈબાબા મંદિરના ઓટલા ઉપર એક માતા તેની પુત્રી સાથે સપ્તાહથી એકલી-અટૂલી બેસી રહેતી હોવાનું સેવાભાવી એ કહેતા ટીમ સાથે ત્યાં ગયા હતા. જ્યાં ૧૫ વર્ષની દીકરી બોલી શકતી ન હતી. તેની શારીરિક સ્થિતિ જોતા ગર્ભવતી હોવાનું જણાયું હતું. આ અંગે ડીસા પોલીસને જાણ કરી હતી. જ્યાં પોલીસની વોચ પણ ગોઠવવામાં આવી હતી. જોકે, કોઈ શખ્સો આ બંને માતા- પુત્રી પાસે ન આવતાં બનાસકાંઠા ૧૮૧ અભયમને જાણ કરી તેમના દ્વારા બંનેની સલામતી માટે પાલનપુર સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવામાં આવી છે.

## આચાર્ય લોકેશજી બુધવારથી એક મહિનાની 'શાંતિ સદભાવના યાત્રા' માટે રવાના થશે

અહિંસા વિશ્વ ભારતીનાં સંસ્થાપક અને વિશ્વ શાંતિદૂત પ્રખ્યાત જૈન આચાર્ય ડૉ. લોકેશજી છેલ્લા ૩૯ વર્ષોથી ભારત અને અમેરિકાની સાથે સાથે સમગ્ર વિશ્વમાં શાંતિ, સદભાવના અને અહિંસાનાં ઉપદેશ આપીને વિશ્વ શાંતિ ફેલાવવામાં અગત્યનો ભાગ ભજવી રહ્યા છે. આ કાર્ય માટે સંસ્થાને ભારતની હરિયાણા સરકારે દિલ્લી-જયપુર હાઈવે પર આવેલા ગુરુગ્રામનાં સેકટર નંબર ૩૯માં જગ્યા પણ ફાળવવામાં આવી છે. અહીં ‘અહિંસા વિશ્વ ભારતી‘નો પ્રથમ ‘વિશ્વ શાંતિ કેન્દ્ર‘ સ્થપાશે. તેનું ભૂમિપૂજન ૧૭ એપ્રિલ, ૨૦૨૨નાં રોજ ગુરુગ્રામમાં આયોજિત કરવામાં આવ્યું હતું. જ્યાં વિશ્વ યોગ ગુરુ સ્વામી રામદેવજી ઉપસ્થિત રહી પ્રશંસા વ્યક્ત કરી હતી.



આચાર્ય લોકેશજી ૧ મહિનાની અમેરિકાની વિશ્વ શાંતિ સદભાવના યાત્રા કેલિફોર્નિયા માટે દિલ્લીથી ૧ જૂને રવાના થશે. યાત્રા દરમિયાન આચાર્યજી સર્વપ્રથમ જૈન સેન્ટર ઓફ સોદર્ન કેલિફોર્નિયામાં આયોજિત થયેલ ‘શાંતિ અને સંઘર્ષ - ભારતીય સાંસ્કૃતિક મૂલ્ય અને મહાવીર દર્શન‘ વિષય પર વિશ્વ શાંતિ સંવાદમાં ભાગ લેશે. જેમાં આર્ટ ઓફ લિવિંગનાં સંસ્થાપક શ્રી શ્રી રવિશંકરજી અને અહિંસા વિશ્વ ભારતીનાં સંસ્થાપક આચાર્ય લોકેશજી મુખ્ય વક્તાની ભૂમિકા ભજવશે. આ સંવાદ કાર્યક્રમનું સંચાલન પ્રખ્યાત અભિનેતા વિવેક ઑબરોય દ્વારા કરવામાં આવશે.

આચાર્ય ૫ જૂને લોસ એન્જીલીસ તથા ૯ જૂને સન ફ્રાન્સિસ્કોમાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં શ્રી શ્રી રવિશંકરજી ભાગ લેશે. ૧૨-૧૪ જૂન એટલાન્ટા, જોરજિયામાં વિવિધ કાર્યક્રમોને સંબોધિત કરશે. ૧૫-૨૨ જૂન આચાર્ય ન્યુયોર્કમાં કોંસુલેન્ટ જનરલ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને ન્યુ જર્સીનાં કાર્યક્રમોમાં ભાગ લેશે. ૨૪-૩ જુલાઈ સુધી શિકાગોમાં જૈન સેન્ટરની વર્ષગાંઠ પર આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે અને શ્રદ્ધાળુઓ દ્વારા આયોજિત આશિર્વચન કાર્યક્રમોમાં પણ સંબોધન કરશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.